
For Community Only


# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 15 | 9 December 2023, Saturday | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**





## આદિત્ય L1 મિશનના SUIT પેલોડે ખેંચી સૂર્યની તસવીરો, આદિત્ય-L1 એ સોલર વિન્ડને ઓબઝર્વ કરવાનું શરૂ કર્યું...

નવી દિલ્લીઃ સૂર્યના અભ્યાસ કરવા સાથે સબંધિત ભારતનું મહત્વાકાંક્ષી મિશન 'Aditya L1' અંગે એક મોટું અપડેટ સામે આવ્યુ છે. હવે ભારતના સૂર્ય મિશન આદિત્ય L1માં લાગેલા પેલોટ સૂટ (SUIT)એ સૂર્યના ફોટો ખેંચ્યા છે. ISROએ જેનો ફોટો શેર કર્યો છે. મહત્વનું છે કે, આદિત્ય-L1 એ સોલર વિન્ડને ઓબઝર્વ કરવાનું શરૂ કરી દીધુ છે. જે અંગે ઈસરો (ISRO)એ શુક્રવારે માહિતી આપી હતી. ISROએ સત્તાવાર X હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી છે. જેમાં જણાવ્યું છે કે, "સૂટ પેલોડે અલ્ટ્રવૉયલેટ વેવલેંથ્સની પાસે સૂર્યની ફુલ ડિસ્ક ઈમેજ કેપ્ચર કરી છે. તસવીરોમાં 200થી 400 NM સુધીની વેવલેન્થમાં સૂર્યની પહેલી ફુલ-ડિસ્ક રિપ્રઝેંટેશન સામેલ છે. તસવીરો સૂર્યના ફોટોસ્ફીયર અને ક્રોમોસ્ફીયરના જટિલ વિગતોમાં ઉપલબ્ધ કરે છે."

### ભારતમાં લોકસભાની ચૂંટણી, અમેરિકામાં NRI દ્વારા કરાઈ રહી છે તૈયારી...

# મોદી સરકારની જીતની હેટ્રિક માટે ભારતીય અમેરિકન લોકો સજ્જ

### અમેરિકામાં રહેતાં ભારતીયો ભાજપની જીત માટે કરી રહ્યા છે તૈયારીઓ... | વીડિયો કોન્ફરન્સથી અનેક લોકોને ભાજપ તરફી મતદાન માટે આકર્ષિત કરી રહ્યા છે | કોલ્સથી પ્રચાર માટે ભારતમાં મતદારોના ફોન નંબરની તૈયાર કરાઈ રહી છે યાદી

■ શિકાગો

૨૦૨૪ ની લોકસભાની ચૂંટણી પહેલા યોજાયેલી ૫ રાજ્યોની ચૂંટણીમાં ભાજપ દ્વારા ૩ રાજ્યોની વિધાનસભા બેઠકો પર બહુમતીથી જીત મેળવી છે. આ પાંચ રાજ્યોની ચુંટણીના પરિણામ પર તમામ લોકોની નજર હતી અને લોકસભાની ચૂંટણી પહેલાની આ ચૂંટણી સત્તાની સેમીફાઈનલ ગણવામાં આવતી હતી. જો કે આ પરિણામ ભાજપ માટે ઉત્સાહ વધારનારા આવ્યા છે. ત્યારે ભાજપ દ્વારા હવે આગામી ૨૦૨૪ની લોકસભાનીચૂંટણી માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ભારતની સાથે સાથે સાત સમંદર પાર એવા અમેરિકામાં પણ લોકસભાની ચૂંટણી માટે ઓવરસીઝ બીજેપી અને ભાજપ વિચારધારા સાથે સંકળાયેલા લોકોએ અત્યારથી જ ભાજપ માટે મતદાન વધે તે માટે વિધિવત રીતે પ્રચાર શરૂ કરી દીધો છે. અમેરિકાથી જ આવનાર ચૂંટણી માટે હજારો લોકો ભારતમાં આવીને ગ્રાઉન્ડ લેવલ પર પ્રચાર કરશે પરંતુ તે પહેલાં ફોન અને ઝૂમ કોલ્સથી ભાજપ માટે પ્રચાર કરવા માટેની રણનીતિ ઘડવામાં આવી છે.

**વીડિયો કોન્ફરન્સથી સાસંદ સાથે ખાસ વાર્તાલાપ કરવામાં આવે છે** આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને અહીં વસતા ઓવરસીઝ બીજેપીના નેતાઓ દ્વારા ખાસ કિસ્સાઓમાં ભારતના જે તે વિસ્તારના સાંસદોની વીડિયો કોન્ફરન્સ યોજી તેઓએ ગત પાંચ વર્ષ દરમિયાન કેવા પ્રકારના કાર્યો કર્યા છે. અને તેમને મળેલી ગ્રાન્ટનો કેવી રીતે ઉપયોગ કર્યો છે તે તમામ મુદ્દાઓ અંગે અહીં વસતા લોકો સાથે વિસ્તૃતીથી ચર્ચા કરવામાં આવે છે.

**ભાજપ માટે પ્રચાર કરવા જોડવા માટે ખાસ આયોજન** ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની જીત માટે અને તેમાંય ખાસ કરીને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મમોદી ફરીથી વડાપ્રધાન બને તે માટે ખાસ વેબસાઈટ અને સોશિયલ મીડિયા તૈયાર કરવામાં આવ્યુ છે. વેબસાઈટ દ્વારા અમેરિકામાં વસતા લોકોને ભાજપના પ્રચાર માટે નોંધણી કરાવવામાં આવી રહી છે.

**ભાજપ દ્વારા 2024ની લોકસભાનીચૂંટણી માટેની તૈયારીઓ શરૂ**



## લોકસભાની ચૂંટણીમાં ભાજપ તરફી મતદાન થાય તેવો પ્રયાસ

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના જ મહિનાઓ બાકી છે. ત્યારે ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોનો વિજય થાય તે માટે અમેરિકામાં વસતા ભારતીયો કે જેઓ ઓવરસીઝ બીજેપી સાથે અથવા તો ભાજપની વિચારધારા સાથે સંકળાયેલા લોકો દ્વારા કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યુ છે. જેમાં અમેરિકામાં મુખ્ય ૧૨ જેટલા શહેરોમાં કે જ્યાં વધારે ભારતીયો વસે છે તે તમામ જગ્યાએ એક ટીમ બનાવીને અત્યારથી જ ફોન કોલ્સ અને ઝુમ મીટીંગ દ્વારા પ્રચારની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. આ ટીમમાં સામેલ દરેક લોકોને ફોન નંબરનું લીસ્ટ આપવામાં આવે છે અને તમામ લોકોને પોતાના સગા સંબંધીઓ અને મિત્ર વર્તુ ળ ઉપરાંત ફોન નંબરના લીસ્ટ પ્રમાણે ફોન કોલ્સ કરીને આગામી ચૂંટણીમાં ભાજપ તરફી મતદાન વધે તેવો પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે.

### MP વિધાનસભાની ચૂંટણીમાં 8 લાખ લોકોને ફોન્સ કોલ્સ કરાયા

અમેરિકામાંથી હાલમાં યોજાયેલી મધ્ય પ્રદેશ વિધાન સભાની ચુંટણીમાં ૮ લાખ લોકોને ફોન કોલ્સ કરવામાં આવ્યા હતા. અને આ ફોન કોલ્સ દ્વારા ભાજપના ઉમેદવારો માટે મતદાન વધે તેવો પ્રચાર કરવામાં આવ્યો હતો. જો કે, અગાઉ ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે પણ આ પ્રકારે એક કેમ્પેઈન કરવામાં આવ્યુ હતુ. ત્યારે હવે આવનાર લોકસભાની ચુંટણી માટે ફોન કોલ્સ ની યાદી પણ તૈયાર કરવામાં આવી છે.

### હજારથી વધારે લોકો ગ્રાઉન્ડ કેમ્પેઈનિંગ માટે જશે

" લોકસભાની ચૂંટણી માટેના કેમ્પેઈન માટે તૈયારીઓ કરી દેવામાં આવી છે. ચૂંટણીના એક માસ પહેલા હજારથી વધારે લોકો ગ્રાઉન્ડ કેમ્પેઈનીંગ માટે જશે. ઉપરાંત અત્યારથી જ ફોન કોલ્સ કરીને મતદાન વધે અને ભાજપના ઉમેદવારની જીત થાય તે માટે નંબરોની લીસ્ટ પણ તૈયાર કરી દેવામાં આવ્યુ છે. જેના પગલે દરેક લોકો પોતાના સગા-વ્હાલાઓ અને પોતાની આસ પાસના લોકોને ભાજપ તરફી મતદાન કરવા અનુરોધ કરે અને ભાજપના ઉમેદવાર માટે પ્રચાર કરે. આ ઉપરાંત ખાસ કિસ્સાઓમાં સાંસદોને વીડિયો કોન્ફરન્સથી પણ જોડવામાં આવી રહ્યા છે. જેથી તેઓએ ગત સમયગાળા દરમિયાન કેવા કામો કર્યા છે તેની વિગતવાર જાણકારી આપી શકે. » **ડો. વાસુદેવ પટેલ**, સેક્રેટરી, OFBJP

### 5000થી વધારે સ્વંયસેવકો ફોન કોલ્સથી કરશે પ્રચાર

" દુનિયાના 50 મેટ્રોપોલિટન શહેરમાંથી અંદાજે 5 હજારથી વધારે વોલેન્ટીયરને જોડીને ફોન કોલ્સ દ્વારા પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે અમેરિકામાં ૧૨ મુખ્ય શહેરોમાં આ પ્રકારની વ્યવસ્થા યોજવામાં આવી છે. આ ઉપરાંત એક વેબસાઈટ બનાવવામાં આવી છે જે વેબસાઈટમાં ગત ૧૦ વર્ષમાં નરેન્દ્ર મોદીની સરાકારે કેવા પ્રકારના કામ કર્યા છે તેની જાણકારી આપવામાં આવી છે. ઉપરાંત આ વખતે 400થી વધારે લોકસભા સીટ પર ભાજપની જીત થાય તે માટે દરેક રાજ્યના અને દરેક ભાષા બોલનાર લોકોને જોડવામાં આવી રહ્યા છે. જેથી તેઓ પોતાની ભાષામાં ભાજપનો પ્રચાર સરળતાથી કરી શકે. » **ગિરીશભાઈ ગાંધી**, કન્વીનર, NRI 2024



Gadgets ગુરૂ
સેમસંગનો સસ્તો સ્માર્ટફોન Galaxy A05 ભારતમાં... 4

ભવ્ય રામમંદિરમાં લાગશે અમદાવાદના ગોતામાં બની રહ્યા છે ભગવાનના ધ્વજદંડ 7



રશ્મિકા મંદાના આગામી ફિલ્મમાં આઈટમ સોન્ગ કરતી જોવા મળશે... 10

# ભારતવંશીઓને મદદ મળશે...

## અમેરિકાની સંસદમાં 3 સાંસદોએ બિલ રજૂ કર્યુ

# ગ્રીનકાર્ડના બેકલોગને ઘટાડવા માટે અમેરિકાની સંસદમાં બિલ રજૂ થયું

## બિલ પાસ થશે તો ગ્રીનકાર્ડની રાહ જોતા લાખો ભારતીયોને ફાયદો...

■ વોશિંગ્ટન

ભારતીય મૂળના સાંસદ રાજા કૃષ્ણમૂર્તિ અને પ્રમિલા જયપાલ સહિત ત્રણ અમેરિકન સાંસદોએ અમેરિકાની સંસદમાં બે બિલ રજૂ કર્યાં છે. આ બિલ ગ્રીનકાર્ડ બેકલૉગને ઘટાડવામાં તેમજ નોકરી માટે વિઝાના આધાર પર ભેદભાવ ખતમ કરવાના ઈરાદાથી રજૂ કરવામાં આવ્યાં છે. જો આ બિલ પાસ થઈને કાયદો બનશે તો ગ્રીનકાર્ડ અને અમેરિકામાં સ્થાયી નિવાસ માટે દાયકાઓથી પ્રતીક્ષા કરી રહેલા હજારો ભારતવંશીઓને મદદ મળશે. રિચ મેકકોર્મિક ત્રીજા સાંસદ છે જેમણે રાજા કૃષ્ણામૂર્તિ અને પ્રમિલા જયપાલ સાથે મળીને સોમવારે આ બિલ સંસદમાં રજૂ કર્યું હતું.




**ગ્રીનકાર્ડ શું છે?** ગ્રીનકાર્ડ જેને સત્તાવાર રીતે સ્થાયી રીતે વસવાટ કરવાના કાર્ડના રૂપમાં માનવામાં આવે છે. અમેરિકામાં બહારના દેશોમાંથી નોકરી માટે આવતા પ્રવાસીઓને પુરાવા તરીકે જારી કરવામાં આવતું એક કાર્ડ છે, જે દર્શાવે છે કે ધારકને સ્થાયી રીતે ત્યાં રહેવા માટેનો વિશેષાધિકાર આપવામાં આવ્યો છે.

### ગ્રીન બેકલોગ ઘટાડવાનું લક્ષ્ય

ઈમિગ્રેશન વિઝા એફિશિયન્સી એન્ડ સિક્યોરિટી એક્ટ 2023થી અમેરિકાનું અર્થતંત્ર મજબૂત બનશે અને આંતરરાષ્ટ્રીય હરીફાઇ પણ એક તરફથી વધશે. વાસ્તવમાં તેનાથી ગ્રીનકાર્ડ બેકલોગ ઘટશે, જેનાથી અમેરિકન કંપનીઓ યોગ્યતા અને જન્મસ્થાનના આધાર પર વિદેશી નાગરિકોની ભરતી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. આ બિલનો સૌથી મોટો ફાયદો એ થશે કે તેનાથી અમેરિકા આવતા વિદેશી નાગરિકો માટે અત્યારનો સાત-સાત ટકાનો ક્વોટા ખતમ થઇ જશે. કૃષ્ણમૂર્તિએ કહ્યું કે અમે ભવિષ્ય માટે અર્થતંત્રને મજબૂત કરવાનું કામ કરી રહ્યા છીએ.

### બિલથી અસ્થાયી વિઝા પ્રોગ્રામ શરૂ થશે

અમે કુશળ કામદારોને ગ્રીનકાર્ડ બેકલોગની ઝંઝટમાં ફસાયેલા રહે તેવું ઈચ્છતા નથી. તેમણે કહ્યું કે અમને ઈમિગ્રન્ટ્સ વિઝાના આધાર પર રોજગારને લઈને ભેદભાવ ખતમ કરવા માટે પોતાના સહયોગીઓને મદદ મળવા પર ગૌરવાન્તિત છે. જણાવી દઈએ કે અત્યારના સમયમાં લગભગ 95% રોજગાર આધારિત ઈમિગ્રન્ટ્સ અસ્થાયી વિઝા પર અમેરિકામાં કામ કરી રહ્યા છે અને રહે છે. તેમાંથી અનેક લોકો અસ્થાયી રીતે વસવાટ કરી રહ્યા છે. આ બિલથી એચ-1બી અસ્થાયી વિઝા પ્રોગ્રામ મજબૂત થશે અને આ તે લોકો માટે વિકલ્પ છે, જે ગ્રીનકાર્ડ અરજી દાખલ કરવા માટે અનેક વર્ષોથી પ્રતીક્ષા કરી રહ્યા છે.

# અમેરિકાની ઈઝરાયેલ સામે અસાધારણ કાર્યવાહી

## વેસ્ટ બેન્કમાં રહેતા કટ્ટરવાદી યહૂદીઓ પર પ્રતિબંધ મૂક્યો

■ વોશિંગ્ટન

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા જંગમાં અમેરિકાએ ઈઝરાયેલ સામે અસાધારણ કાર્યવાહી કરી છે. આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર અમેરિકાએ વેસ્ટ બેન્કમાં રહેતા યહૂદી કટ્ટરવાદીઓના અમેરિકામાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકી દીધો છે. અમેરિકાની કાર્યવાહી અણધારી એટલા માટે પણ લાગી રહી છે કે, સાત ઓક્ટોબરે હમાસ દ્વારા આતંકી હુમલા બાદ છેડાયેલા યુધ્ધમાં અત્યાર સુધી અમેરિકાની સરકાર ઈઝરાયેલની સાથે ઉભી રહી છે. અમેરિકાના વિદેશ મંત્રીએ કહ્યુ હતુ કે, અમે આજથી નવો વિઝા પ્રતિબંધ લાગુ કરી રહ્યા છે. આ પ્રતિબંધ હેઠળ એવા લોકો પર અમેરિકામાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકવામાં આવી રહ્યો છે જેમણે વેસ્ટ બેન્કમાં શાંતિ અને સુરક્ષાને કમજોર કરવાનુ કામ કર્યુ છે.

**એન્ટની બ્લિન્કને ગયા અઠવાડિયે આપી હતી ચેતવણી:** ઉલ્લેખનીય છેકે, વિદેશ મંત્રી એન્ટની બ્લિન્કને ગત સપ્તાહે ઈઝરાયેલને ચેતવણી આપી હતી કે, પેલેસ્ટાઈન પર સતત હુમલા કરી રહેલા ઈઝરાયેલ પર બાઈડેન સરકાર કાર્યવાહી કરશે. જોકે અમેરિકાએ વેસ્ટ બેન્કમાં રહેતા કેટલા યહૂદી




લોકો પર આ પ્રતિબંધ મૂક્યો છે તેની જાણકારી શેર નથી કરી. આ માટે ગુપ્તતાનો હવાલો અપાયો છે. જોકે અમેરિકન વિદેશ વિભાગનુ કહેવુ છે કે, હિંસા ચાલુ રહેશે તો અમેરિકા આવનારા દિવસોમાં વધારે આકરા પગલા ભરશે. બ્લિન્કને કહ્યુ હતુ કે, અમે ઈઝરાયેલી સરકારને વેસ્ટ બેન્કમાં પેલેસ્ટાઈનના નાગરિકો સામે હિંસા કરી રહેલા કટ્ટરવાદીઓ સામે કાર્યવાહી કરવા માટે અપીલ કરેલી છે અને રાષ્ટ્રપતિ બાઈડેન વારંવાર કહી ચૂકયા છે કે, આ પ્રકારની હિંસા કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી.

# રશિયા વિરુદ્ધ યુદ્ધ લડી રહેલા યૂક્રેનને મદદ કરવાનો મહાસત્તાનો ઈન્કાર

## અમેરિકાના નિવેદન બાદ ઝેલેન્સ્કીની મુશ્કેલી વધી

■ વોશિંગ્ટન

યુક્રેન-રશિયા વચ્ચે લગભગ દોઢ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધમાં હજારો લોકોના મોત થયા છે, તો અસંખ્ય લોકો ઘરવિહોણા બની ગયા છે, ત્યારે હવે યુક્રેન પર વધુ એક મુશ્કેલી આવી ચઢી છે. અમેરિકાએ રશિયા વિરુદ્ધ યુદ્ધ લડી રહેલા યૂક્રેનને તમામ મદદ કરી છે, જોકે આજે અમેરિકાએ તાજેતરના નિવેદનમાં યૂક્રેન ખભેથી હાથ લઈ લીધો છે. વ્હાઈટ હાઉસે નિવેદન બહાર પાડી કહ્યું કે, તેની પાસે રશિયા વિરુદ્ધ યુદ્ધમાં યૂક્રેનને મદદ કરવા માટે નાણાં ખતમ થઈ ગયા છે. વ્હાઈટ હાઉસની બજેટ નિદેશક શલાંડા યંગે આજે રિપબ્લિકન હાઉસના અધ્યક્ષ માઈક જોન્સન અને અન્ય કોંગ્રેસ નેતાઓને એક પત્ર લખ્યો છે. પત્રમાં ચેતવણી અપાઈ છે કે, યુક્રેનને મદદ કરવા માટે અમેરિકા પાસે સમય અને નાણાંની કમી છે.

**બાઈડેન વહિવટી તંત્રે સંસદ પાસે 106 બિલિયન ડૉલર માગ્યા:** વાસ્તવમાં આ વર્ષે ઓક્ટોબરમાં રાષ્ટ્રપતિ જો બાઈડેન વહિવટી તંત્રએ દેશની સંસદ પાસે યૂક્રેન, ઈઝરાયેલ અને અમેરિકી બોર્ડરની સુરક્ષા માટે લગભગ 106 બિલિયન ડૉલરની માંગ કરી હતી. તો બીજીતરફ યૂક્રેનને



યુદ્ધમાં ફન્ડિંગ આપવાનો મામલો અમેરિકામાં રાજકીય રીતે વિવાદાસ્પદ બની ગયો છે. શલાંડા યંગે વ્હાઈટ હાઉસ તરફથી પત્ર બહાર પાડી કહ્યું કે, યૂક્રેનનું ફન્ડિંગ અને હથિયારોની સપ્લાય રોકવાથી રશિયા યુદ્ધ જીતી શકે છે. તેમણે લખ્યું કે, હું સ્પષ્ટ જણાવવા માંગુ છું કે, આ વર્ષના અંત સુધી યૂક્રેનને આપવા માટેના નાણાં અને શસ્ત્ર સંસાધનો આપણા ખતમ થઈ જશે. યૂક્રેનને મદદ પહોંચાડવા માટે આપણી પાસે કોઈ જાદુઈ સાધન નથી. અમારી પાસે નાણાં નથી અને તેનો સમય પણ ખતમ થઈ ગયો છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### કંપની બચાવવા માટે બે આલીશાન ઘર ગિરવે મૂક્યા

# બાયજૂસના માલિકે પગાર ચૂકવવા 1.20 કરોડ ડોલરની લોન લીધી

## બીસીસીઆઈને 158 કરોડની સ્પોન્સરશિપની રકમ ચૂકવવામાં પણ બાયજૂસ નિષ્ફળ

■ નવી દિલ્લી

દેશમાં સૌથી મોટા એડટેક પ્લેટફોર્મ બાયજૂસમાં પરિસ્થિતિ દિવસેને દિવસે વિકટ બનતી જઈ રહી છે અને કંપનીનું આર્થિક સંકટ સતત વધી રહ્યું છે. પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે, બાયજૂસની પાસે પોતાના કર્મચારીઓને આપવા માટે પગાર આપવાના પણ રૂપિયા નથી બચ્યા અને આ નાણાકીય સંકટ વચ્ચે હવે Byjus Founder બાયજૂ રવિન્દ્રને પોતાનું ઘર પણ ગિરવે મૂકી દીધું છે. એક રિપોર્ટમાં આ દાવો કરાયો છે.

**કઈ રીતે બાયજૂસ મૂકાયું આર્થિક સંકટમાં?**
Byju'sમાં ચાલી રહેલા આર્થિક સંકટને જોતા આ એડટેક સ્ટાર્ટઅપ પર અંદાજિત 800 મિલિયન ડૉલરની લોન છે અને હાલમાં બાયજૂસ 1.5 અરબ ડૉલરની ટર્મ લોનનું વ્યાજ ચૂકવવામાં નિષ્ફળ રહ્યું હતું, જેને લઈને કાયદાકીય લડાઈનો સામનો પણ કરવો પડી રહ્યો છે. કંપનીમાં ચાલી રહેલી ઉથલ-પાથલ અને રોકડ સંકટને લઈને બાયજૂસની વેલ્યૂએશન પર અસર પડી છે.




### કંપની પર રોકડની તંગીનું સંકટ

બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, Byju'sના કર્મચારીઓના પગાર અટકેલા છે અને કંપનીમાં રોકડની તંગી વધી રહી છે. સ્ટાફને પગાર મળવામાં થતા વિલંબ વચ્ચે બાયજૂ રવિન્દ્રને કર્ણાટકના બેંગલુરુમાં આવેલા પોતાના ઘરને ગિરવે રાખીને પૈસા એકઠા કર્યા છે, જેનાથી કર્મચારીઓનો પગાર આપી શકાય. જણાવી દઈએ કે, એડટેક સેક્ટરની આ મોટી કંપની Byju Financial Crisis લાંબા સમયથી ચાલી રહી છે અને સાથે લોન આપનારા સંસ્થાનો સાથે કંપનીની કાયદાકીય લડત પણ ચાલી રહી છે.

### 100 કરોડ રૂપિયામાં ગિરવે રાખ્યું ઘર!

રિપોર્ટમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે, બેંગલુરુમાં બાયજૂ રવિન્દ્રને પરિવારની માલિકીના બે ઘર અને એપ્સિલૉનમાં તેમનો નિર્માણાધીન વિલા છે, તેને તેમણે 12 મિલિયન ડોલર (અંદાજિત 100 કરોડ રૂપિયા) ઉધાર લેવા માટે ગિરવે રાખી દીધા છે. તેનાથી મળેલી રકમનો ઉપયોગ એડટેક કંપનીની પેરેન્ટ કંપની થિંક એન્ડ લર્ન પ્રાઈવેટમાં 15,000 કર્મચારીઓને પગાર આપવામાં કર્યો છે. જોકે, આ અંગે Byju's કંપની તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન અપાયું નથી.

**FEMAની નવી મુસીબતમાં પણ કંપની ઘેરાઈ** આર્થિક સંકટમાં ફસેલા બાયજૂસ પર FEMAની નવી મુસીબત પણ છે. ગત દિવસોમાં EDની તપાસ સામે આવી હતી કે કંપનીએ 2011થી 2023 સુધીમાં અંદાજિત 28,000 કરોડ રૂપિયાનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) મળ્યું છે. ત્યારે, કંપનીએ આ સમયગાળા દરમિયાન વિદેશી પ્રત્યક્ષ રોકાણના નામ પર વિદેશોમાં અંદાજિત 9,754 કરોડ રૂપિયા મોકલ્યા છે. જેને લઈને કંપનીના કેટલાક ઠેકાણાઓ પર તપાસ અને જપ્ત કરવાની કાર્યવાહી થઈ હતી. EDએ કંપની વિરૂદ્ધ મળી રહેલી ફરિયાદોના આધારે બાયજૂસ સામે તપાસ શરૂ કરી હતી.

## NEWS FILE

### લોન મોંઘી નહીં થાય, EMI નહીં વધે: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા




મુંબઈ: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ સતત પાંચમી વખત વ્યાજદરોમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈએ વ્યાજદર 6.5% પર યથાવત્ રાખ્યા હતા. એટલે કે લોન મોંઘી નહીં થાય અને તમારો EMI પણ વધશે નહીં. RBIએ છેલ્લે ફેબ્રુઆરી 2023માં રેપોરેટ વધારીને 6.5% કર્યો હતો. RBI ગવર્નર શક્તિકાંત દાસે શુક્રવારે 6 ડિસેમ્બરથી ચાલી રહેલી મોનેટરી પોલિસી કમિટી (MPC)ની બેઠકમાં લેવાયેલા પાક વિશે માહિતી આપી હતી. આ બેઠક દર બે મહિને થાય છે. જ્યારે ગત નાણાકીય વર્ષમાં રેપોરેટમાં 6 ગણો 2.50%નો વધારો કરવામાં આવ્યો હતો.

### વ્હાઈટ કોલર જોબ માટે ભરતી ઓક્ટો-નવે.માં 12 ટકા ઘટી

નવી દિલ્હી: દેશમાં ઓક્ટોબર-નવેમ્બરમાં આઈટી-સોફ્ટવેર, ટેલીકોમ અને એજ્યુકેશન સેક્ટર્સમાં ભરતીનો ટ્રેન્ડ ઘટતા ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન વ્હાઈટ કોલર જોબ માટેની ભરતીમાં 12%નો ઘટાડો થયો છે. ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન વ્હાઈટ કોલર જોબ માટેની ભરતી ગત વર્ષના 2,781થી ઘટીને આ વર્ષે 2,433 રહી હતી. નોકરી જોબસ્પીક ઈન્ડેક્સ એ કંપનીઓ દ્વારા નોકરી ડોટ કોમ પર ઉપલબ્ધ રેઝ્યુમેને આધારે નવી જોબ માટેના લિસ્ટિંગ અને જોબને લગતા સર્ચને આધારિત ભારતીય જોબ માર્કેટ અને ભરતીની ગતિવિધિનો ચિતાર દર્શાવે છે.

### ત્રણ મહિના સુધી લોટ, દાળ, ચોખા 14 ટકા સુધી મોંઘા રહેશે



નવી દિલ્હી: છેલ્લા 6 મહિનામાં લોટ, દાળ, ચોખા અને ખાંડના ભાવ 14.55% સુધી વધ્યા હોવાથી ભોજનની થાળી મોંઘી થવાની ભીતિ વ્યક્ત કરાઈ રહી છે. દેશની અર્થવ્યવસ્થા પર ચાંપતી નજર રાખનારી એજન્સી સેન્ટર ફોર મૉનિટરિંગ ઈકોનોમી (સીએમઆઈઈ) અને કેટલીક સરકારી એજન્સીઓના અનુમાન પ્રમાણે આગામી 3 મહિના સુધી આ ખાદ્યાન્નોના ભાવ 14.55% સુધી મોંઘા રહેવાની આશંકા છે.. પાણીની અછતને કારણે ખેડૂતોને ચણાનો પાક લેવાની ફરજ પડતાં ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. સીએમઆઈઈના મતે ખાંડનું ઉત્પાદન ઘટ્યું છે.

## ભારત પાસે ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનવાની તક

■ નવી દિલ્હી

2030 સુધીમાં ભારત વિશ્વનું ત્રીજુ સૌથી મોટું અર્થતંત્ર બની રહેશે, પરંતુ પુષ્કળ પ્રમાણમાં રહેલી તકોનો ઉપયોગ કરવો અને અગ્રણી ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનવું એ ભારત માટે સૌથી મોટો પડકાર રહેશે તેવું S&P ગ્લોબલ રેટિંગ્સે જણાવ્યું હતું. યુએસ સ્થિત રેટિંગ એજન્સી અનુસાર ભારત આગામી ત્રણ વર્ષમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે. વર્ષ 2026 સુધીમાં દેશનો આર્થિક વૃદ્ધિદર 7%એ પહોંચશે. ચાલુ નાણાવર્ષમાં 6.4%ના આર્થિક વૃદ્ધિદરનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. માર્ચ 2023ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન ભારતીય અર્થતંત્ર 7.2%ના દરે વૃદ્ધિ પામ્યું હતું. દેશનો જીડીપી ગ્રોથ જૂન અને સપ્ટે. ક્વાર્ટર દરમિયાન અનુક્રમે 7.8% -7.6% નોંધાયો હતો. 2030 સુધીમાં ભારતનું ત્રીજુ સૌથી મોટું અર્થતંત્ર બની રહેશે અને આગામી ત્રણ વર્ષમાં તે સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે.

## કેન્દ્ર સરકારે 100થી વધુ વેબસાઈટની 'તાળાબંધી'

### પાર્ટ ટાઈમ જોબના નામે આચરતાં હતાં છેતરપિંડી

■ નવી દિલ્લી

સંગઠિત ગેરકાયદે રોકાણ અને વર્ક બેઝ્ડ પાર્ટટાઈમ જોબના નામે છેતરપિંડી કરતી 100થી વધુ વેબસાઈટ બંધ કરી દેવામાં આવી છે. ગૃહ મંત્રાલયની ભલામણ બાદ આ કાર્યવાહી કરાઈ હતી. એક અહેવાલ અનુસાર આ વેબસાઈટ્સનું સંચાલન વિદેશમાં બેસેલા લોકો કરી રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના એકમ ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર(14C) એ તેની નેશનલ સાયબર ક્રાઈમ રિસ્ક એનાલિસિસ યુનિટ (NCTAU) ના માધ્યમથી ગત વર્ષે સંગઠિત રોકાણ અને કામ આધારિત પાર્ટટાઈમ નોકરીઓના નામે છેતરપિંડી આચરતી 100થી વધુ વેબસાઇટની ઓળખ કરી હતી અને તેને બંધ કરી દેવાની ભલામણ કરી હતી. એક નિવેદનમાં જણાવાયું છે કે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે ઈન્ફર્મેશન ટેક્નોલોજી એક્ટ, 2000 હેઠળ પોતાના અધિકારોનો ઉપયોગ કરી આ વેબસાઈટ્સને બંધ કરી દીધી છે.

## ફોર્બ્સની 100 સૌથી શક્તિશાળી મહિલાઓમાં 4 ભારતીય



■ નવી દિલ્હી

ફોર્બ્સની 100 સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં ભારતીય મૂળની ચાર મહિલાઓએ પણ સ્થાન મેળવ્યું છે. આ યાદીમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ 32મા સ્થાને છે. યાદીમાં અન્ય ત્રણ ભારતીય મહિલાઓમાં HCL કોર્પોરેશનના સીઈઓ રોશની નાદર મલ્હોત્રા (60મો રેન્ક), સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરપર્સન સોમા મંડલ (70મો રેન્ક) અને બાયોકોનના સ્થાપક કિરણ મઝુમદાર-શો (76મો રેન્ક)નો સમાવેશ થાય છે. આ યાદીમાં નિર્મલા સીતારમને સતત પાંચમી વખત સ્થાન મેળવ્યું છે. ગયા વર્ષે તે આ યાદીમાં 36મા ક્રમે હતી. એટલે કે આ વખતે તે 4 સ્થાન ઉપર છે.

# દેશમાં નોકરી અંગે સૌથી ચોંકાવનારો રિપોર્ટ

### વાર્ષિક નોકરીઓ 12% ઘટી, IT સેક્ટરને સૌથી વધુ અસર, એઆઈ ક્ષેત્રને ફાયદો

■ નવી દિલ્લી

દેશમાં વ્હાઈટ કોલર જોબ કરનારા લોકો માટે મોટા અહેવાલ સામે આવ્યા છે. તાજેતરમાં જારી થયેલા એક રિપોર્ટ અનુસાર IT-સોફ્ટવેર, ટેલીકોમ અને શિક્ષણ ક્ષેત્રોમાં ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન ભરતીઓમાં ઘટાડો નોંધાયો છે. તેમાં વાર્ષિક આધારે 12%નો ઘટાડો નોંધાયો છે. નોકરી જોબસ્પીક ઈન્ડેક્સ (Naukri JobSpeak Index) ના અહેવાલ અનુસાર ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં વ્હાઈટ કોલર જોબમાં 2,433 જોબ પોસ્ટિંગ સાથે 12 ટકાનો ઘટાડો થયો છે જે એક વર્ષ આ સમયગાળામાં 2,781 હતી. રિપોર્ટ અનુસાર ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન મશીન લર્નિંગ એન્જિનિયર અને ફુલ સ્ટેક ડેટા સાયન્ટિસ્ટ જેમ કે એઆઈ સંબંધિત સેક્ટરમાં નવી નોકરીઓ ઝડપથી વધી છે. એક વર્ષ પહેલાની તુલનાએ 64 ટકા અને ફુલ સ્ટેક ડેટા સાયન્ટિસ્ટમાં 16 ટકા વધી છે.જ્યારે ઊર્જા ક્ષેત્રની કંપનીઓ દ્વારા ઝડપથી વિસ્તરણ અને દેશભરમાં નવી રિફાઈનરીઓની સ્થાપનાને કારણે ઓઈલ અને ગેસ સેક્ટરમાં ગત વર્ષની તુલનાએ ઓક્ટોબર-નવેમ્બરમાં 9 ટકાનું હાયરિંગ વધ્યું.

### કયા સેક્ટરમાં કેટલું હાયરિંગ ઓછું થયું?



ઓક્ટોબર-નવેમ્બર 2023 દરમિયાન ટેલીકોમમાં 18%, શિક્ષણમાં 17% અને રિટેલિંગ સેક્ટરમાં 2022ની તુલનાએ 11% સુધીનું ઓછું હાયરિંગ થયું. જ્યારે હોસ્પિટાલિટી, ટ્રાવેલ ઓટો અને ઓટો સહાયક જેવા ક્ષેત્રોમાં નિમણૂક સ્થિર રહી. અહેવાલ અનુસાર ઓક્ટોબર-નવેમ્બરમાં આઈટી ક્ષેત્રમાં કુલ હાયરિંગ ગત વર્ષના આ સમયગાળાની તુલનાએ 22 ટકા જેટલું ઘટ્યું હતું. જ્યારે ઊર્જા ક્ષેત્રની કંપનીઓ દ્વારા ઝડપથી વિસ્તરણ અને દેશભરમાં નવી રિફાઈનરીઓની સ્થાપનાને કારણે ઓઈલ અને ગેસ સેક્ટરમાં ગત વર્ષની તુલનાએ ઓક્ટોબર-નવેમ્બરમાં 9 ટકાનું હાયરિંગ વધ્યું. ફાર્મા સેક્ટરમાં પણ 2022ની તુલનાએ ઓક્ટોબર-નવેમ્બરમાં નવું 6%નું હાયરિંગ થયું છે.

## તંત્રીસ્થાનેથી...

# એન્ટી-ઈન્કમ્બન્સીનો સામનો કરવાની ભાજપની ફાવટ જીતી



‘હાઉ ટુ વિન ઈલેક્શન્સ’ - આ વિષય પર ભાજપે પુસ્તક બહાર પાડવાની જરૂર છે. પાંચ રાજ્યોનો જંગ તીવ્ર રસાકસીવાળો હતો. ત્રણ રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન, છતીસગઢમાં તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ફાઈટ હતી ને કોંગ્રેસ તે ટક્કર ઝીલી શક્યું નહીં. વર્લ્ડ કપ ક્રિકેટની ફાઈનલમાં ભારત હાર્યું ત્યારે ઘેર ઘેર હારની સમીક્ષા થઈ હતી. એવી જ રીતે કોંગ્રેસના ત્રણ રાજ્યોમાં ધબડકા પછી સ્વાભાવિકપણે જ સમૂહ માધ્યમોમાં અને જનતામાં ઉગ્રતાથી તેનું વિશ્લેષણ થવા માંડયું હતું.

ભાજપે જે રીતે મધ્યપ્રદેશમાં ભવ્ય વિજય મેળવ્યો છે તે જોતાં એમ કહી શકાય કે ભાજપને એન્ટી-ઈન્કમ્બન્સીને પ્રો-ઈન્કમ્બન્સીમાં ફેરવવાની ફાવટ આવી ગઈ છે. રાજકીય પક્ષો ચૂંટણી વ્યૂહરચના ગોઠવે છે ત્યારે જે-તે રાજ્યના લોકો વર્તમાન સરકારથી કેટલા કંટાળેલા છે તેનો પણ ક્યાસ કાઢવામાં આવતો હોય છે. એન્ટી-ઈન્કમ્બન્સીનું ફેક્ટર પક્ષને હરાવી શકે છે.

એકની એક સરકાર લોકોને એકવિધ લાગવા માંડે છે. આવી સરકારો બહુ બોલ્ડ નિર્ણયો લઈ શકતી નથી, પરંતુ ચૂંટણી આવતાં જ તે વચનોની લ્હાણી શરૂ કરી નાખે છે. એન્ટી-ઈન્કમ્બન્સીને પ્રો- ઈન્કમ્બન્સીમાં ફેરવવાનું બહુ મુશ્કેલ હોય છે. લોકો એકના એક શાસકોથી કંટાળે છે ત્યારે અન્ય પક્ષને શાસન સોંપે છે. કોઈ પણ રાજકીય પક્ષ માટે એન્ટી-ઈન્કમ્બન્સી માથાના દુખાવા સમાન હોય છે. રાજ્યમાં એન્ટી-ઈન્કમ્બન્સી હોય તો તેને અનુરુપ મોજું ઊભું કરવું પડે છે. લોકો નવું ઝંખે છે એવો પ્રચાર કરવો પડે છે.

કોંગ્રેસ આવું મોજું ઉભું કરવામાં સફળ રહી હતી, પરંતુ મોદી તેમના માટે શેરના માથે સવા શેર સાબિત થયા. મધ્યપ્રદેશમાં એન્ટી- ઈન્કમ્બન્સીનું મોજું છે તે જાણ્યા પછી મોદીની ટીમ વિશેષપણે સક્રિય બની હતી.

આ હાર કોંગ્રેસ અને તેમના સાથી વિપક્ષો માટે પચાવવી બહુ અઘરી છે. કેંાગ્રેસ સાથે જોડાયેલા પક્ષોએ બળાપો શરૂ કરી દીધો છે. કેટલાકે કહ્યું છે કે ચૂંટણીની વ્યૂહરચના કરતાં કોંગ્રેસને આવડતી જ નથી, તો કેટલાકે એમ કહીને વિરોધ કર્યો છે કે કોંગ્રેસ બધું એકલા હાથે કરવા માગે છે, જેથી પ્રચારમાં અમારો ઉપયોગ નહોતો કર્યો. સમાજવાદી પક્ષના પ્રવક્તાએ કહ્યું હતું કે હવે માત્ર ગાંધી પરિવારના નામે ચૂંટણી ના જીતી શકાય. પાંચેય રાજ્યોમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડરાએ પ્રચાર કર્યો હતો, પરંતુ બંને કશું ઉકાળી શકે એમ નથી તે લોકોની નજરમાં આવી ગયું હતું. પ્રાદેશિક પક્ષો પક્ષો ચાલાક અને સત્તાભૂખ્યા હોય છે. એમને ગાંધી પરિવારની ક્ષમતા પર ભરોસો હતો, પરંતુ બધા ભોંઠા પડયા છે.

જે રીતે કોંગ્રેસે ચૂંટણી જંગની તૈયારી કરી હતી અને પ્રચાર કર્યો હતો તે જોતાં એમ લાગતું હતું કે કોંગ્રેસ ભાજપને હંફાવી દેશે અને ભાજપને મધ્યપ્રદેશને ટકાવી રાખવું મુશ્કેલ બની જશે. છત્તીસગઢમાં ભાજપના જીતવાના ચાન્સ બહુ ઓછા હતા એમ તો ભાજપના નેતાઓ ખુદ સ્વીકારતા હતા. સીધી ફાઈટમાં કોંગ્રેસે ભાજપને હરાવવાની તક ગુમાવી છે. વિપક્ષોના સંગઠનમાં કોંગ્રેસ પોતાનો પ્રભાવ ઊભો કરવાની તક પણ ગુમાવી છે. કોંગ્રેસ ભાજપને સીધી ફાઈટમાં હરાવી શકત તો વિપક્ષી જોડાણમાં તેનો પ્રભાવ વધત અને કોંગ્રેસ રાહુલ ગાંધીનું નામ વિપક્ષના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજક્ટ કરી શકત. કોંગ્રેસના ધબડકાના કારણે વિપક્ષોમાં તિરાડ પડી શકે છે, પણ મોદીની સામે કોઈ રાજકીય લડાઈ લડવી હોય તો એક થઈને લડવી પડશે તે આ પરિણામોએ બતાવી આપ્યું છે. કોંગ્રેસના નેતાઓ મધ્યપ્રદેશ જીતીને વિપક્ષોના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીનો પ્રોજક્ટ કરવા માગતા હતા. હવે તે શક્ય નથી. ચૂંટણી પરિણામોમાં રાહુલજી નાપાસ થયા છે. વિપક્ષો હવે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે કોને પસંદ કરશે તે જોવાનું રહ્યું. રાજકીય નિષ્ણાતો માને છે કે કોંગ્રેસે જીતવાનો ધરખમ પ્રયાસ નહોતો કર્યો, પણ ભાજપે જીતની અફલાતૂન બીજી ગોઠવી હતી. ત્રણ રાજ્યોમાં ભાજપની જીત એટલે લોકસભાની ૬૫ બેઠકો પર ભાજપનું પ્રભુત્વ. મધ્યપ્રદેશ ૨૯, રાજસ્થાનની ૨૫ બેઠકો અને છત્તીસગઢની ૧૧ એમ લોકસભાની કુલ ૬૫ બેઠકો થઈ. ભાજપ તેમાં પણ મોટો હિસ્સો પડાવી લેશે. સાથે સાથે રાજ્યસભામાં પણ ભાજપની સભ્ય સંખ્યા વધશે.

# ગ્રીન એનર્જીનું ઉત્પાદન વધારવાની તાતી જરૂર, કાર્બન ડાયોક્સાઈડ તો જ ઘટાડી શકાશે

## વિચાર મંથન

દુબઈમાં દુનિયાભરના દેશો ક્લાઈમેટ ચેન્જની અસરોની ચિંતા કરવા ભેગા થયા. ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેઈન્જ (યુએનએફસીસી) નામની સમજૂતી ૧૯૯૪માં અસ્તિત્વમાં આવી પછી દર વર્ષે આ સમજૂતી પર સહી કરનારા દેશોની કોન્ફરન્સ મળે છે તેથી તેને કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી) કહે છે. દુબઈમાં મળેલી કોન્ફરન્સ યુએનએફસીસી પર સહી કરનારા દેશોની ૨૮મી કોન્ફરન્સ છે તેથી તેને સીઓપી-૨૮ નામ અપાયું છે. સીઓપી-૨૮ નામની આ કોન્ફરન્સમાં ભારતે બે નિર્ધારપત્ર (પ્લેજ) પર સહી ના કરી તેની અત્યારે દુનિયાભરમાં ચર્ચા છે. પહેલો નિર્ધાર ૨૦૩૦ સુધીમાં દુનિયાભરના દેશોની ગ્રીન એનર્જી ક્ષમતા ત્રણ ગણી કરવાનો હતો. દુનિયાના ૧૧૮ દેશોએ આ નિર્ધારપત્ર પર સહી કરી પણ ભારત અને ચીન બંને સહી કરવાથી દૂર રહ્યાં. આ નિર્ધારપત્રમાં કોલસા, પેટ્રોલ-ડીઝલ સહિતનાં ફોસિલ ફ્યુઅલનો વપરાશ ઘટાડીને દુનિયાનું વાતાવરણ અને પર્યાવરણ શુધ્ધ રાખવાનો નિર્ધાર વ્યક્ત કરાયો છે.

ભારત દુનિયામાં એનર્જીના વપરાશમાં દુનિયાના ટોચના ત્રણ દેશોમાંથી એક હોવા છતાં ભારતે સહી ના કરી તેની ઘણા દેશોએ ટીકા કરી છે. તેન સામે ભારતનું વલણ સ્પષ્ટ છે કે, ભારત જી-૨૦નું પ્રમુખ હતું ત્યારે આ નિર્ધાર વ્યક્ત કરી જ ચૂક્યું છે ત્યારે વારંવાર એકની એક વાત દોહરાવવાની ના હોય.

ભારતે આરોગ્ય પર પડતી ક્લાઈમેટ ચેન્જની અસરો અંગેના ઠરાવ પર સહી કરવાનું ટાળ્યું તેની પણ ચર્ચા છે. ક્લાઈમેટ ચેન્જ અંગેની બેઠકમાં આ મુદ્દો પહેલી વાર સમાવાયો છે તેથી દુનિયાના બધા દેશો તેના પર સહી કરીને આ વિચારને સર્વસંમતિથી વધાવી લેવી એવી દુબઈની ઈચ્છા હતી પણ ભારતે આ ઈચ્છામાં પંક્ચર પાડી દીધું છે. દુનિયાના ૧૨૩ દેશોએ તેના પર સહી કરી પણ ભારતે સહી કરી નથી. દુનિયામાં ભારત સૌથી વધારે વસતી ધરાવતો દેશ છે. ક્લાઈમેટ ચેન્જના કારણે આરોગ્ય પર અત્યંત ખરાબ અસરો પડે છે તેનો ભોગ ભારત સૌથી વધારે બને છે એવો રીપોર્ટ આ કોન્ફરન્સ પહેલાં જ બહાર પડાયો હતો. જર્મનવોચ નામની સંસ્થાએ બહાર પાડેલા રીપોર્ટમાં દાવો કરાયેલો કે, દુનિયામાં ક્લાઈમેટ સંબંધિત મૃત્યુનો સૌથી ઉંચો દર ભારતમાં છે.

આ કારણે ભારત તો સહી કરશે જ એવું સૌ માની બેઠેલા પણ ભારતે સહી ના કરતાં સૌ સ્તબ્ધ થઈ ગયા છે. ભારતને મનાવીને સહી કરાવવા માટે દોડાદોડી ચાલી રહી છે. યુએઈ અને દુબઈના ભારત સાથેના સંબંધો સારા છે તેથી ભારતને સહી કરવા સંમત કરી લેવાશે એવો વિશ્વાસ સીઓપી-૨૮ના ડિરેક્ટર-જનરલ માજિદ અલ સુવૈદીએ વ્યક્ત કર્યો છે.

ભારતને ખરેખર મનાવી લેવાય છે કે નહીં તેની ખબર બહુ જલદી પડી જશે પણ ભારતે લીધેલું વલણ યોગ્ય છે ને ખરેખર તો ભારતે આ વલણ ના બદલવું જોઈએ. તેનું કારણ એ કે, ક્લાઈમેટ ચેન્જના મુદ્દે વૈશ્વિક સ્તરની કોન્ફરન્સોમાં ફીફાં ખાંડવા સિવાય કંઈ થતું નથી. ક્લાઈમેટ ચેન્જની ખરાબ અસરોથી દુનિયાને બચાવવા માટે જે આકરાં પગલાં ભરવાની જરૂર છે એ ભરવાની યુનાઈટેડ નેશન્સ કે બીજી સંસ્થાઓમાં તાકાત નથી તેથી દેખાડા ખાતર આવા વાહિયાત ઠરાવો ને નિર્ધારપત્રો પાસ કરાય છે. ભારત તેનો ભાગ ના બને તેમાં કશું ખોટું નથી. ક્લાઈમેટ ચેન્જ અત્યંત ગંભીર સમસ્યા છે અને આખી દુનિયા પર તેની ખરાબ અસરો પડી રહી છે. ક્લાઈમેટ ચેન્જની ખરાબ અસરોને કારણે દુનિયાનાં કરોડો લોકોના જીવ પર ખતરો છે, રોગચાળા વધી રહ્યા છે, ભૂખમરો વધી રહ્યો છે ને બીજી પણ ઘણ વિનાશક અસરો પડી રહી છે. આ અસરોને રોકવી હોય તો કાર્બન ડાયોક્સાઈડનું ઉત્પાદન ઘટાડવું પડે. કાર્બન ડાયોક્સાઈડનું વાતાવરણમાં પ્રમાણ ઘટે તો આપોઆપ જ તેની હકારાત્મક અસરો પડવા માડે.


તકલીફ એ છે કે, દુનિયામાં કાર્બન ડાયોક્સાઈડનું સૌથી વધારે ઉત્પાદન અમેરિકા સહિતના દુનિયાના ધનિક દેશો કરે છે. આ દેશો પેટ્રોલ-ડીઝલના બેફામ ધુમાડા કરે છે, એસી-હીટર્સ વાપરે છે, મોટી મોટી ફેક્ટરીઓ ચલાવે છે કે જે રોજનો ટનબંધ ધુમાડો ઓકે છે, મોટી મોટી ઈમારતો બાંધે છે ને તેના માટે સતત ખોડકામ કર્યા કરે છે કે જેમાં તોતિંગ મશીનરીઓ વપરાય છે, વિમાનો ઉડાઉડ કરાવે છે, દુનિયાભરના દેશોમાં યુધ્ધો ભડકાવીને શસ્ત્રોના વપરાશને પ્રોત્સાહન આપે છે. કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ આ બધાં કારણોસર વધે છે.

ક્લાઈમેટ ચેન્જની નકારાત્મક અસરોને રોકવી હોય તો આ બધું બંધ કરાવવું પડે. અમેરિકા સહિતના દુનિયાના દેશોને લાલ આંખ કરીને કહેવું પડે કે, કાર્બન ડાયોક્સાઈડના ઉત્પાદનનું પ્રમાણ ઘટાડો. દુનિયાને ગ્રીન એનર્જીનું ઉત્પાદન વધારવાની જેટલી જરૂર છે તેના કરતાં વધારે જરૂર કાર્બન ડાયોક્સાઈડનું ઉત્પાદન ઘટાડવાની છે પણ અમેરિકા સહિતના દેશોને કહેવાની કોઈની હિંમત નથી. વાઘને કોણ કહે કે, તારું મોં ગંધાય છે ? કહેવા જાય તો વાઘ ખાઈ જાય ને આ ડરના કારણે કોઈ કશું કહેતું નથી ને વાહિયાત ઠરાવો કરીને સંતોષ લેવાય છે.અમેરિકા સહિતના દેશો ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ આપે એવું કરે છે. પોતે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્પાદન ઘટાડવા તૈયાર નથી ને બીજા દેશોને સૂફિયાણી સલાહો આપે છે. ભારતે આ સલાહો ના માનવી જોઈએ ને પોતાનાં હિતો સાચવવાં જોઈએ.

દુબઈમાં મળેલી સીઓપી૨૮ બેઠકમાં એક નવું ‘લોસ એન્ડ ડેમેજ’ ફંડ રચવાની જાહેરાત કરાઈ છે. ક્લાઈમેટ ચેન્જના કારણે અસર પામનારા દેશોને સહાય કરવા માટે રચાયેલા આ ફંડમાં ૪૦ કરોડ ડોલરનાં કમિટમેન્ટ વિકસિત દેશોએ કર્યાં છે. યજમાન દુબઈએ ૧૦ કરોડ ડોલર આપવાની જાહેરાત કરી પછી જર્મનીએ પણ ૧૦ કરોડ ડોલર આપવાની જાહેરાત કરી. એ પછી અમેરિકાએ ૧.૭૫ કરોડ ડોલર, યુકેએ ૪ કરોડ ડોલર, જાપાને ૧ કરોડ ડોલર, યુરોપીયન યુનિયને ૨૫ કરોડ ડોલર, ઈટાલીએ ૧૧ કરોડ ડોલર આપવાની જાહેરાત કરી છે. આ જાહેરાત દુનિયાના કહેવાતા અમીર દેશો દિલથી કેટલા ગરીબ છે તેનો પુરાવો છે. ‘લોસ એન્ડ ડેમેજ’ ફંડ બનાવવાની જાહેરાત કરાઈ ત્યારે તેમાં ૧૦૦ અબજ ડોલર ભેગા કરવાનો ઉદ્દેશ નક્કી કરાયો હતો પણ દુનિયાના ધનિક દેશોના હાથ ખૂલતા જ નથી તેથી માંડ ૪૦ કરોડ ડોલરની રકમ ઉભી થશે. અત્યાર સુધીમાં કરાયેલાં કમિટમેન્ટ જોતાં ૧૦૦ અબજ ડોલરની વાત છોડો પણ ૧ અબજ ડોલર પણ ઉભા થયા નથી એ જોતાં આ ‘લોસ એન્ડ ડેમેજ’ ફંડ અસ્તિત્વમાં આવતાં પહેલા જ સંકેલાઈ જશે એવું લાગે છે.

### શું 2024 પહેલા ‘ઈન્ડિયા’માં કોંગ્રેસ પોતાનું કદ ગુમાવી ચૂકી હશે ?

# કોંગ્રેસની ચૂંટણીમાં કારમી હાર, લોકસભામાં નેતૃત્વ પર સવાલ






તેલંગાણાને બાદ કરતા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ છે. અને હવે કોંગ્રેસને તેના સાથી પક્ષો તરફથી પણ ટોણા સાંભળવાની નોબત આવી છે. ત્યારે સવાલ એ છેકે, શું 2024 પહેલા ‘ઈન્ડિયા’માં કોંગ્રેસ પોતાનું કદ ગુમાવી ચૂકી હશે. ઈન્ડિયા ગઠબંધનના નામે વિપક્ષને એક કરવાની વાત તો કરવામાં આવી રહી છે. પરંતુ કોંગ્રેસ પક્ષની હકીકત એવી છેકે, દેશના કોઈ રાજ્યમાં સરકાર હોય તો કોંગ્રેસ તે સત્તા અને સરકાર જાળવી શકતી નથી. 2014થી 2023 વચ્ચે કોંગ્રેસ 60માંથી 46 વિધાનસભા ચૂંટણી હારી છે. અને સતત લોકસભાની બે ચૂંટણીમાં પણ કોંગ્રેસની કારમી હાર થઈ છે. 2011 પછી એટલે કે છેલ્લા 12 વર્ષમાં કોંગ્રેસ એક પણ રાજ્યમાં સત્તા તરફી સત્તામાં પાછી ફરી નથી.

ચાર રાજ્યના ચૂંટણી પરિણામ બાદ ઈન્ડિયા ગઠબંધનના ચાર મોટા પક્ષોએ કોંગ્રેસની નીતિ, ઈરાદાઓ, અને વિચારસરણી પર સવાલો ઉભા કર્યા છે. વડાપ્રધાન મોદી ભારત ગઠબંધનને ઘમંડી ગઠબંધન કહે છે અને હવે કોંગ્રેસના પોતાના સહયોગીઓએ કોંગ્રેસના ઘમંડ પર સવાલ ઉઠાવવાનું શરૂ કર્યું છે. રવિવારે આવેલા ચૂંટણી પરિણામ બાદ ટીએમસીના મુખપત્ર જાગો બાંગ્લામાં લખવામાં આવ્યું હતું કે - કોંગ્રેસની અંદર જમીનદારની વિચારસરણી છે. કોંગ્રેસે હાર બાદ હવે વિચારવું પડશે. નીતિશ કુમારની JDU કહી રહી છે - કોંગ્રેસ પોતાના ઘમંડના કારણે ચૂંટણી હારી છે. નેશનલ કોન્ફરન્સના ઓમર અબ્દુલ્લા કહી રહ્યા છે, આવી સ્થિતિમાં અમે 2024માં પણ ભાજપેને હરાવી શકીશું નહીં. અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીના નેતાઓ કહી રહ્યા છે, કોંગ્રેસ પોતાના સાથીદારોનું અપમાન કરવાનું બંધ કરે.

દેશના વિવિધ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી આવે અને જાય છે. પરંતુ કોંગ્રેસની જે સ્થિતિ 2014 પછી સર્જાઈ છે. તેવી કોંગ્રેસના ઈતિહાસમાં ક્યારેય સર્જાઈ નથી. એક સમય એવો હતો કે, કોંગ્રેસ સાથે રાજકીય પક્ષો ગઠબંધન કરવા માટે પડાપડી કરતા હતા. આજે સ્થિતિ એવી છેકે, કોંગ્રેસને સહારાની જરૂર પડી છે. કોંગ્રેસ હવે ઊભી થવા માટે અન્ય પક્ષોનો ટેકો લઈ રહી છે. આ પરિસ્થિતિ કેમ સર્જાઈ તેનું પણ કોંગ્રેસે મંથન કરવુ જોઈએ.



## Gadgets ગુરૂ

### સેમસંગનો સસ્તો સ્માર્ટફોન Galaxy A05 ભારતમાં લોન્ચ

સેમસંગે મંગળવારે ભારતમાં મિડ-રેન્જ સેગમેન્ટમાં એક સસ્તો 4G સ્માર્ટફોન Galaxy A05 લોન્ચ કર્યો છે. કંપનીએ હાલમાં જ આ ફોનને ગ્લોબલ માર્કેટમાં લોન્ચ કર્યો છે. કંપનીએ Samsung Galaxy A05ને બે વેરિયન્ટમાં લોન્ચ કર્યો છે. આ ફોનની શરૂઆતી કિંમત 9,999 રૂપિયા છે. આ ફોન ગ્રીન, સિલ્વર અને બ્લેક રંગના વિકલ્પોમાં ઓફિશિયલ અને ઈ-કોમર્સ વેબસાઈટ્સ પર વેચાણ માટે ઉપલબ્ધ છે.

- 720 x 1600 પિક્સલ રિઝોલ્યુશન
- 6.7 ઈંચની HD+ ડિસ્પ્લે
- Android 13 Pro ઓપરેટિંગ સિસ્ટમ
- OneUI ઈન્ટરફેસ
- 5000 mAh બેટરી
- ડ્યુઅલ સિમ 4G

# ધ ગ્રેટ કાર્બન ડિવાઈડ

## વિશ્વના 1 % ધનકુબેરો 66 % ગરીબો કરતા વધારે પ્રદૂષણ ફેલાવે છે...

**ગ્લોબલ વોર્મિંગથી 1 અબજનાં થશે મોત**

## 1 ટકા ધનિકો દ્વારા ફેલાવાતું પ્રદૂષણ આગામી દાયકામાં ગરમીથી 13 લાખ લોકોનો ભોગ લેશે

### સામાન્ય વ્યક્તિ વર્ષે જે પ્રદૂષણ ફેલાવે છે તેટલું ધનિકો પ્રાઈવેટ જેટની નાની સફરમાં ફેલાવી દે

■ વોશિંગ્ટન

દુનિયાભરમાં અત્યારે પ્રદૂષણની અને ગ્લોબલ વોર્મિંગની વાતો થઈ રહી છે. તેને નાથવા માટે દુનિયાભરના મોટા મોટા દેશો બેઠકો કરી રહ્યા છે. યુએન અને વિદ્ધ આરોગ્ય સંસ્થા જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પર્યાવરણ બચાવવા કામ કરી રહી છે. આ બધા વચ્ચે વિકસિત દેશો અને વિકાસશિલ દેશો એકબીજાની સામે ગ્લોબલ વોર્મિંગ માટે કારણભૂત હોવા અંગે આંગળી ચિંધી રહ્યા છે. આ વિવાદ હજી ચાલુ જ છે ત્યાં એક એવો અભ્યાસ સામે આવ્યો છે જેણે દુનિયાને આશ્ચર્યમાં મૂકી દીધી છે.

આ અભ્યાસમાં જણાવાયું છે કે, દુનિયાભરના 66 ટકા(5 અબજ) ગરીબો દ્વારા જેટલું પ્રદૂષણ ફેલાવાય છે તેટલું પ્રદૂષણ દુનિયાના 1 ટકા સુપર રિચ લોકો એટલે કે ધનિકો ફેલાવે છે. ધ ગાર્ડિયન દ્વારા થોડા સમય પહેલાં જ આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. ઓક્સફામ અને સ્ટોકહોમ એન્વાર્યન્મેન્ટ ઈન્સ્ટિટયૂટના જાણકારો દ્વારા સંયુક્ત રીતે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.



### 2100ની સાલ સુધીમાં ગ્લોબલ વોર્મિંગથી 1 અબજનાં મોત થશે

થોડા સમય પહેલાં કેનેડા ખાતે થયેલા એક અભ્યાસમાં ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરો સામે આવી હતી. તેમાં જણાવાયું હતું કે, જે રીતે લોકો પ્રદૂષણ ફેલાવી રહ્યા છે તેના કારણે આગામી સમયમાં પૃથ્વીનું તાપમાન ઝડપથી વધવાનું છે. જો 2100ની સાલ સુધીમાં પૃથ્વીના સરેરાશ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસનો પણ વધારો થશે તો 1 અબજ લોકોના મોત થઈ જશે. જાણકારોએ કહ્યું કે, મૃત્યુ પામનારા 1 અબજ લોકોમાંથી મોટાભાગના લોકો ગરીબ અને વિકાસશિલ દેશોના હશે. આ એવા લોકો હશે તેમનું પ્રદૂષણ ફેલાવવામાં યોગદાન સાવ નહીવત્ હશે.

### ખરાબ વાતાવરણથી 91 ટકા મોત વિકાસશિલ દેશોમાં થાય છે

વિશ્વમાં વધતા જતા પ્રદુષણ અંગે જે સંશોધન અને અભ્યાસ કરવામાં આવ્યા હતા તેમાં યુએન અને વિદ્ધ આરોગ્ય સંસ્થા જેવી સંસ્થાઓ પણ સંકળાયેલી હતી. આ અભ્યાસ બાદ યુએન દ્વારા જણાવવામાં આવ્યું કે, ખરાબ વાતાવરણને કારણે વિદ્ધમાં જે મોત થઈ રહ્યા છે તેમાંથી 91 ટકા મોત વિકાસશિલ દેશોમાં થઈ રહી છે. આ ઉપરાંત રિપોર્ટમાંથી એવું પણ બહાર આવ્યું છે કે, ધનકૂબેર વ્યક્તિ દ્વારા એક વર્ષમાં જેટલું પ્રદુષણ ફેલાવવામાં આવે છે તેટલું પ્રદુષણ ફેલાવવા માટે ગરીબ વ્યક્તિને 1500 વર્ષ લાગે છે. સંશોધકો જણાવે છે કે, મોટાભાગે ખરાબ વાતાવરણ અને પ્રદુષણની સૌથી વધારે અસર ગરીબીમાં જીવતા લોકો, માઈગ્રન્ટ્સ તથા ગરીબ મહિલાઓ ઉપર પડતી હોય છે. આ વર્ગના લોકો મોટાભાગે ઘરમાં જ રહેતા હોય છે અથવા તો નાના મોટા કામ કરતા હોય છે. તેમના ઘરની બહાર જ કે તમેના રહઠોણોની આસપાસ જ સાથૈી વધારે પ્રદષુણ જાવો મળતું હાયે છે.





### ધનિકોથી ફેલાતા પ્રદૂષણથી એક દાયકામાં 13 લાખ વધારે મોત થશે

જાણકારોના મતે ધનકૂબેરો દ્વારા મોટી સંખ્યામાં ગાડીઓ, પ્રાઈવેટ પ્લેન, પ્રાઈવેટ યોટ, હેલિકોપ્ટર અને ઈમારતો તથા સંપત્તીઓ ધરાવતા હોય છે. આ તમામના કાર્બન ફૂટપ્રિન્ટ ખૂબ જ વધારે છે. આ સંજોગોમાં તેમના દ્વારા પ્રદુષણ પણ વધારે ફેલાવાય છે. આ લોકો જે ગાડીઓ, પ્લેન અને અન્ય સાધનોનો બેફામ ઉપયોગ કરી રહ્યા છે તેના કારણે ગ્રીનહાઉસ ગેસનું પ્રમાણ વધી રહ્યું છે. આ ગેસ વાતાવરણમાં ભળી રહ્યો છે જેને પગલે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. સંશોધકોના મતે ધનિકો દ્વારા જે રીતે પ્રદુષણ ફેલાવાઈ રહ્યું છે તેના કારણે 2020 થી 2030 સુધીના દાયકામાં અંદાજે હિટવેવથી 13 લાખ લોકોના વધારે મોત થશે. આ સંખ્યા ડબ્લિનની વસતી જેટલી છે. જાણકારોના મતે ગરમી વધવાના કારણે ધ્રુવીય પ્રદેશોમાં પણ ગરમી વધી રહી છે અને બરફ પીગળી રહ્યો છે.

### વિવિધ સંસ્થાઓ દ્વારા 7.7 કરોડ લોકો પર અભ્યાસ હાથ ધરાયો હતો

વિવિધ સંસ્થાઓ દ્વારા વિશ્વભરના 7.7 કરોડ લોકો ઉપર આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તેમાં અત્યંત ગરીબીમાં જીવતા લોકો, મધ્યમ વર્ગના લોકો, અપર મિડલ ક્લાસ તે ઉપરાંત વાર્ષિક 1.40 લાખ ડોલરથી વધારે આવક ધરાવતા અને સુપર રિચ ક્લાસના લોકોને સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે,1.40 લાખ ડોલરથી વધુની વાર્ષિક આવક ધરાવતાથી માંડીને સુપર રિચ ક્લાસ સુધીના લોકો દ્વારા 16 ટકા જેટલું પ્રદુષણ ફેલાવાય છે. ખાસ વાત એવી છે કે, અભ્યાસકર્તાઓ દ્વારા આ અહેવાલને ધ ગ્રેટ કાર્બન ડિવાઈડ નામ આપવામાં આવ્યું છે. તેમાં તેમણે સૌથી વધારે પ્રદુષણ ફેલાવતા ધનકુબેરો માટે ધ પોલ્યુટર એલાઈટ શબ્દનો પણ પ્રયોગ કર્યો છે.

### લક્ઝુરિયસ લાઈફ અબજો ટન કાર્બન ઉત્સર્જન કરે છે

અહેવાલમાં જણાવાયું છે કે, દુનિયાના ધનકૂબેરો દ્વારા જે જીવન જીવવામાં આવી રહ્યું છે તેનું પરિણામ સમગ્ર વિદ્ધ ભોગવી રહ્યું છે. વિદ્ધના માત્ર 1 ટકા લોકો જે જીવન જીવે છે તેના કારણે બાકીના 99 ટકા લોકોને અને 100 ટકા પૃથ્વીને હેરાન થવું પડે છે. જાણકારોના મતે દર વર્ષે પ્રદુષણને કારણે થતાં મોતમાં 226 જેટલો વધારો થઈ રહ્યો છે. દર દસ લાખ મોતે 226 જેટલા વધારાના લોકો પ્રદુષણથી મરી રહ્યા છે. સંશોધકોના અહેવાલ પ્રમાણે 1990 થી 2021 સુધીમાં 1 ટકા ધનિકો દ્વારા જે કાર્બન ઉત્સર્જન કરવામાં આવ્યું તે, ગત વર્ષે સમગ્ર યુરોપના મકાઈના, અમેરિકાના ઘઉંના, બાંગ્લાદેશના ચોખાના અને ચીનના સોયાબીનના સંયુક્ત ઉત્પાદન જેટલું હતું.

### ધનિક દેશો દ્વારા પણ ગરીબ દેશોની સરખામણીએ પ્રદૂષણ વધારે ફેલાવાય

વિશ્વના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં બહાર આવ્યું છે કે, માત્ર માણસો જ નહીં, ધનિક દેશો દ્વારા પણ વધારે પ્રદૂષણ ફેલાવવામાં આવે છે. સંશોધકોએ જણાવ્યું કે, 2019માં જ્યારે પ્રદૂષણ વિશે વિશ્વના આંકડા ભેગા કરવામાં આવ્યા સામે આવ્યું કે, આ વાયુ પ્રદૂષણમાંથી 40 ટકા પ્રદૂષણ અને ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ધનિક દેશો દ્વારા કરવામાં આવ્યું હતું. બીજી તરફ ગરીબ દેશો અથવા તો ઓછી આવકના સોર્સ ધરાવતા દેશો દ્વારા માત્ર 0.4 ટકા પ્રદૂષણ ફેલાવાયું હતું જ્યારે બાકીનું પ્રદૂષણ અન્ય આવકોના સ્તરે આવતા દેશો દ્વારા ફેલાવાયું હતું. સંશોધકોએ કહ્યું કે, આફ્રિકા એક મોટો દેશે છે જ્યાં વિદ્ધની વસતીમાંથી દર છ વ્યક્તિએ એક વ્યક્તિ વસવાટ કરે છે.

### મોટા પ્રમાણમાં ટેક્સ લાગુ કરવાની દિશામાં વિચારવું જોઈએ

ઓક્સફામના જાણકારો દ્વારા જણાવાયું કે, ધનકૂબેરો ઉપર તથા ક્રૂડ ઓઈલ વેચનારી કંપનીઓ ઉપર મોટા પ્રમાણમાં ટેક્સ લગાડવાનું સુચન પણ કરવામાં આવ્યું હતું. જાણકારોના મતે સુપર રિચ લોકો ઉપર 60 ટકા જેટલો ટેક્સ લગાડવો જોઈએ. વિશ્વના 1 ટકા લોકો ઉપર જો આ ટેક્સ લાગુ થાય તો તેનાથી 6.4 ટ્રિલિયન ડોલરની વાર્ષિક આવક થાય તેમ છે. આ ઉપરાંત ટેક્સના ભારણને કારણે તેમના પ્રવાસ અને લક્ઝુરિયસ લાઈફ સ્ટાઈલમાં ઘટાડો થશે અને 695 મિલિયન ટન કાર્બન ઉત્સર્જન ઘટશે જે 2019ના યુકેના કાર્બન ફૂટપ્રિન્ટ કરતા પણ વધારે હશે.

# અમેરિકામાં રહસ્યમય રોગના કારણે ફેફસા સફેદ થયા

## « 3થી 8 વર્ષની વયના બાળકો ચપેટમાં...

### અમેરિકન સાંસદોની માંગ- ચીનના પ્રવાસ પર પ્રતિબંધ

■ ન્યૂયોર્ક

ચીનમાં ફેફસાની રહસ્યમય બિમારી હવે અમેરિકામાં પણ ફેલાવા લાગી છે. તેનો ભોગ બનેલા મોટા ભાગના 3થી 8 વર્ષના બાળકો હોવાનું કહેવાય છે. બીમારીને કારણે તેમના ફેફસા સફેદ થઈ રહ્યા છે. અમેરિકાના મેસેચ્યુસેટ્સ અને ઓહિયોમાં આ રોગના કેસ ઝડપથી વધી રહ્યા છે. ત્યાં આ બેક્ટેરિયલ ન્યુમોનિયાને વ્હાઈટ લંગ સિન્ડ્રોમ કહેવામાં આવે છે. વોરેન કાઉન્ટી, ઓહિયોમાં આ રોગના 142 કેસ નોંધાયા છે.

મેસેચ્યુસેટ્સના ડોકટરોનું કહેવું છે કે વ્હાઈટ લંગ સિન્ડ્રોમ એ ચીનના રહસ્યમય રોગની જેમ બેક્ટેરિયલ અને વાયરલ ચેપનું મિશ્રણ છે. આ રોગના ફેલાવાના જોખમને ધ્યાનમાં રાખીને, અમેરિકાના રિપબ્લિકન પાર્ટીના ધારાસભ્યોએ રાષ્ટ્રપતિ જો બાઈડન પાસે ચીન પર મુસાફરી પ્રતિબંધની માંગ કરી છે. પાંચ સાંસદોનું કહેવું છે કે રોગ અંગે વધુ માહિતી માટે WHOની રાહ જોવી જોઈએ નહીં.

### ચીનનો 'રહસ્યમય ન્યુમોનિયા' યુરોપ પહોંચ્યો, પરંતુ તેના કારણે કોઈ મૃત્યુ નથી



ચીનમાં દેખાતો બાળકોનો 'રહસ્યમય ન્યુમોનિયા' હવે યુરોપમાં પહોંચી ગયો છે. નેધરલેન્ડ્સમાં બાળકોમાં ન્યુમોનિયાના કેસ ઝડપથી વધી રહ્યા છે. ડચ આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે 5થી 14 વર્ષની વયના બાળકોમાં બીમાર પડવાના કેસ ઝડપથી વધી રહ્યા છે. જો કે રાહતની વાત એ છે કે આના કારણે અત્યાર સુધી કોઈ મૃત્યુ થયું નથી. નેધરલેન્ડ ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ સર્વિસ રિસર્ચ (NIVEL)ના ડેટા અનુસાર, 16 નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં, 5થી 14 વર્ષની વયના 1 લાખ બાળકોમાંથી 103માં ન્યુમોનિયાના લક્ષણો જોવા મળ્યા હતા, જે ગયા વર્ષના ઉચ્ચતમ સ્તર (58 કેસો)ની સરખામણીમાં હતા. ભારતમાં લગભગ બમણી સંખ્યા છે.

# ... જો ટ્રમ્પ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાશે તો અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કોણ બનશે?

## રેસમાં બે ભારતીયો સહિત 6 ઉમેદવારો

વોશિંગ્ટનઃ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદના રિપબ્લિકન ઉમેદવાર બનવાની જોરદાર ચર્ચા ચાલી રહી છે. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે જો ટ્રમ્પ 2024માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાય છે તો ઉપરાષ્ટ્રપતિ કોણ હશે? સામાન્ય રીતે, ઉપરાષ્ટ્રપતિ બે કારણોમાંથી એક માટે ચૂંટાય છેઃ કાં તો તેના અથવા તેણીના પક્ષના બીજા સર્વોચ્ચ ઉમેદવારને રેસમાંથી બહાર કરવા અથવા તેના સમર્થકોને જીતવા માટે. એવું લાગતું નથી કે 2024ની રિપબ્લિકન પ્રાથમિક ચૂંટણી ટ્રમ્પ માટે કોઈ મુશ્કેલી ઊભી કરશે. ટ્રમ્પ માટે સૌથી મોટો ખતરો, તેમની પોતાની પાર્ટીના બે ઉમેદવારોની ઝડપથી વધી રહેલી લોકપ્રિયતા સિવાય, તેમની સામે ચાલી રહેલા કાયદાકીય કેસ છે. જો આ કેસોમાં સજા થશે તો ટ્રમ્પને જેલ પણ જવું પડી શકે છે. આવી સ્થિતિમાં, એવા ઉમેદવારો વિશે જાણો જે ઉપરાષ્ટ્રપતિ પદની રેસમાં ટ્રમ્પ સાથે જોડાઈ શકે છે...



ક્રિસ્ટી નોઈમ અમેરિકામાં એટલી પ્રખ્યાત નથી, પરંતુ તે ટ્રમ્પની સૌથી વફાદાર સાથી છે. તેઓ પહેલાથી જ ટ્રમ્પને સમર્થન આપી ચૂક્યા છે. તેમને સંભવિત ઉમેદવાર તરીકે ટ્રમ્પ તરફથી અપ્રગટ મંજૂરી પણ મળી છે. ટ્રમ્પે ખુદ અમેરિકન મીડિયા સાથેની ચર્ચામાં આ વાત કહી છે. રાજકીય રીતે, ટ્રમ્પ અને નોઈમ સામાજિક મુદ્દાઓ પર સમાન વિચાર ધરાવે છે. નોઈમે તેના રાજ્યમાં કડક ગર્ભપાત કાયદા લાગુ કર્યા છે. તેમણે ટ્રાન્સજેન્ડર મહિલાઓને રાજ્યની શાળાઓમાં મહિલા સ્પોર્ટ્સ લીગમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. જો કે ગવર્નર તરીકે નોઈમે ક્યારેય યુક્રેનને મદદ માટે મત આપ્યો નથી. » **ક્રિસ્ટી નોઈમ**, દક્ષિણ ડાકોટાના ગવર્નર



ટિમ સ્કોટે ટ્રમ્પ કેમ્પેઈન માટે ઘણી મહેનત કરી છે. દક્ષિણ કેરોલિનામાં સેનેટર તરીકે, તેઓ રાજ્યમાં વર્તમાન યુએસ પ્રમુખ જો બિડેન તરફથી સૈદ્ધાંતિક રીતે કોઈપણ પડકારનો સામનો કરશે. ટ્રમ્પે 2016 અને 2020 માં દક્ષિણ કેરોલિના જીતી હતી, જોકે બિડેને ત્યાં હિલેરી ક્લિન્ટન કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. ટિમ સ્કોટે તાજેતરમાં ટ્રમ્પ માટે તેમના પ્રમુખપદની ઝુંબેશને સ્થગિત કરી દીધી છે. આવી સ્થિતિમાં એવી સંભાવના છે કે ટ્રમ્પ તેમને 2024માં ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવી શકે છે. » **ટિમ સ્કોટ, દક્ષિણ કેરોલિના સેનેટર**



હકાબી સેન્ડર્સ ટ્રમ્પ વહીવટીતંત્રમાં ભૂતપૂર્વ પ્રેસ સચિવ હતા. વ્હાઈટ હાઉસ છોડ્યા પછી તેણીએ તેના પિતા માઈક હકાબી સામે અરકાનસાસમાં ગવર્નર માટે ચૂંટણી લડી અને જીતી. હકાબીએ અનેક પ્રસંગોએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિનો સતત બચાવ કરીને વફાદાર સાથીઓની અપેક્ષાઓ પર ખરા ઉતર્યા છે. ટ્રમ્પે 2020માં અરકાનસાસમાં 27 પોઈન્ટથી વધુ જીત મેળવી હતી. ટ્રમ્પને પહેલેથી જ આ રાજ્યમાંથી વધુ સમર્થન મળી રહ્યું હોય તેવું લાગે છે. જો કે, હકાબી સેન્ડર્સની લોકપ્રિયતા સતત ઘટી રહી છે. » **હકાબી સેન્ડર્સ**, અરકાનસાસના ગવર્નર



નિક્કી હેલી ભારતીય મૂળના અમેરિકન રાજકારણી છે. રિપબ્લિકન પાર્ટીમાં ડોનાલ્ડ ટ્રમ્પના ચૂંટણી પ્રચારમાં પણ નિક્કી હેલી સૌથી મોટી અવરોધ છે. આવી સ્થિતિમાં, એવું કહેવાય છે કે જો ટ્રમ્પ પ્રાઈમરીના પડકારને ટાળવા માટે કોઈ એક ઉમેદવારને પસંદ કરે છે, તો તે નિક્કી હેલી છે. દક્ષિણ કેરોલિનાના ભૂતપૂર્વ ગવર્નર તરીકે, હેલી તે રાજ્યમાં સારું પ્રદર્શન કરવા માટે સ્થિત છે. જો તે આયોવા અને ન્યૂ હેમ્પશાયરના પ્રથમ બે રાજ્યો જીતે છે, તો તેને ટ્રમ્પને રેસમાંથી બહાર કરવાનો ફાયદો મળી શકે છે. ટ્રમ્પ નિક્કી હેલીને તેમના ઉપરાષ્ટ્રપતિ તરીકે પસંદ કરે તેવી શક્યતા ઓછી છે. જ્યારે બંનેએ તેમના પ્રમુખપદ દરમિયાન સાથે કામ કર્યું હતું. ટ્રમ્પે તેમને સંયુક્ત રાષ્ટ્રમાં યુએસ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા ત્યારથી તેમના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. » **નિક્કી હેલી**, સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત




માર્જોરી ટેલર ગ્રીન પણ ટ્રમ્પની સારી યાદીમાં સામેલ છે. તે ટ્રમ્પની રાષ્ટ્રપતિની ચૂંટણીને સંપૂર્ણ સમર્થન આપે છે. તેમની ગણતરી ટ્રમ્પના કટ્ટર અને સ્વર સમર્થકોમાં થાય છે. તેમણે 2020માં યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં ધાંધલધમાલના ટ્રમ્પના આરોપોનું સંપૂર્ણ સમર્થન કર્યું હતું. 6 જાન્યુઆરી, 2021 ના રોજ કેપિટોલ બિલ્ડિંગમાં રમખાણો દરમિયાન તેની ધરપકડ કરવામાં આવી હતી. જો કે, ભૂતપૂર્વ સ્પીકર કેવિન મેકકાર્થીના સમર્થનને કારણે તેમને શક્તિશાળી હાઉસ ફ્રીડમ કોકસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ટ્રમ્પ પ્રત્યેની તેમની વફાદારી ઉપરાંત ટેલર ગ્રીને તેના માટે જો એક વસ્તુ કરી છે, તો તે તેનું ગૃહ રાજ્ય છે. ટ્રમ્પે 2020 માં જ્યોર્જિયાને ઓછા માર્જિનથી ગુમાવ્યું. પરંતુ ત્યાં લાભનો અર્થ અન્યત્ર નુકસાન થઈ શકે છે. » **માર્જોરી ટેલર ગ્રીન, જ્યોર્જિયાના પ્રતિનિધિ**



બાયરોન ડોનાલ્ડ્સ, રિપબ્લિકન પાર્ટીમાં ઝડપથી ઉભરતા સ્ટાર, જ્યારે તેમણે જાન્યુઆરીમાં કેવિન મેકકાર્થીની સ્પીકરની ચૂંટણીનો વિરોધ કર્યો ત્યારે તેઓ પ્રથમ વખત રાષ્ટ્રીય પ્રસિદ્ધિમાં આવ્યા. આના કારણે તે ઓક્ટોબરમાં થોડા સમય માટે આ પદ માટે મજબૂત ઉમેદવાર બન્યો, પરંતુ આખરે આ પદ માઈક જોહ્ન્સનને આપવામાં આવ્યું. બાયરન ડોનાલ્ડ્સની ટ્રમ્પ પ્રત્યેની વફાદારી નિર્વિવાદ છે. તેમણે તેમના પ્રમુખપદ દરમિયાન 100% સમય ટ્રમ્પ સાથે આપ્યો અને બાઈડેન અંગે હાઉસ એથિક્સ કમિટીની તપાસનો એક ભાગ છે. લોકપ્રિય અવાજ સાથે વાત કરવામાં અને પોતાને બહારના વ્યક્તિ તરીકે રજૂ કરવામાં સક્ષમ છે. » **બાયરન ડોનાલ્ડ્સ**, ફ્લોરિડા પ્રતિનિધિ



વિવેક રામાસ્વામી ભારતીય મૂળના અમેરિકન બિઝનેસમેન છે. અમેરિકી રાષ્ટ્રપતિ પદ માટેના ચૂંટણી પ્રચાર દરમિયાન તેમણે જબરદસ્ત લોકપ્રિયતા મેળવી છે. રામાસ્વામીની 2020ની ઝુંબેશ, એક અરાજકીય વ્યક્તિ અને ઉદ્યોગપતિ, ટ્રમ્પની 2016ની ઝુંબેશ સાથે ઘણી સામ્યતા ધરાવે છે. તેણીએ ઉદારવાદીઓ અને અન્ય સ્વિંગ મતદારોને અપીલ કરી, અને સમાન મતદાન દર્શાવે છે કે ટ્રમ્પને મત આપનારા માત્ર 1% મતદારો ટેલર-ગ્રીનને ઉપપ્રમુખ બનવા ઈચ્છે છે, જ્યારે વિવેક રામાસ્વામીએ સરળતાથી 30% સમર્થન મેળવ્યું હતું. રામાસ્વામી પાસે ટ્રમ્પ માટે કેટલાક યુદ્ધ વિરોધી મત ખેંચવાની તક પણ છે. » **વિવેક રામાસ્વામી**, બિઝનેસમેન

# કાશ્મીરી મૂળની ક્રિસ્ટલ કૌલ અમેરિકામાં ચૂંટણી લડશે

## બાઈડેનની પાર્ટીમાંથી ચૂંટણી જીતશે તો બનશે રેકોર્ડ...

■ વોશિંગ્ટન

અમેરિકામાં ભારતીય મૂળના મહિલા ક્રિસ્ટલ કૌલે અમેરિકી સાંસદની ચૂંટણી લડવાનું એલાન કર્યું છે. તેઓ વર્જીનિયાથી યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ માટે ચૂંટણી લડશે. કૌલ મૂળ કાશ્મીરના રહેવાસી છે. તેમના પિતા કાશ્મીરી છે. આગામી વર્ષે અમેરિકામાં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ક્રિસ્ટલ રાષ્ટ્રપતિ બાઈડેનની ડેમોક્રેટિક પાર્ટી તરફથી ચૂંટણી લડશે. જો તેઓ આ સંસદીય ચૂંટણી જીતી જશે તો પ્રમિલા જયપાલ બાદ અમેરિકાના નીચલા ગૃહમાં પહોંચનારી તેઓ ભારતીય મૂળની બીજી અમેરિકન મહિલા બની જશે. પ્રમિલા જયપાલની બહેન સુશીલા જયપાલ પણ ચૂંટણીની રેશમાં સામેલ છે. તેઓ ઓરેગન જિલ્લાથી સાંસદીય ચૂંટણી લડવા જઈ રહી છે. ક્રિસ્ટલ પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે, ચૂંટણી જીત્યા બાદ તેઓ શિક્ષા, આરોગ્ય અને પબ્લિક સેફ્ટી આ મુદ્દાઓ પર ફોકસ કરશે. તેમનો ચૂંટણી અભિયાન પણ આ જ મુદ્દા પર આધારિત હશે.

ક્રિસ્ટલે જણાવ્યું કે, વર્જિનિયાના 10મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટથી ચૂંટણી લડવાનો તેમનો નિર્ણય ડેમોક્રેટિક કોંગ્રેસના સદસ્ય જેનિફર વેક્સટનના નિર્ણય બાદ આવ્યો છે. વર્જીનિયામાં ભારતીય મૂળના અમેરિકન નાગરિકો અને દક્ષિણ એશિયન લોકોની સંખ્યા સૌથી વધુ છે. લાઉડાઉન કાઉન્ટી, ફેયરફેક્સ કાઉન્ટી અને પ્રિન્સ વિલિયમ્સ કાઉન્ટી જેવા વિસ્તારોમાં ભારતીયોની વસ્તી સૌથી વધુ છે. ક્રિસ્ટલ કૌલ અને સુશીલા જયપાલ બંને ડેમોક્રેટિક પાર્ટી તરફથી ચૂંટણી લડશે. 2024ની સામાન્ય ચૂંટણીમાં પાર્ટીના ઉમેદવાર બનવા માટે, તેણે પહેલા પાર્ટીની પ્રાઈમરી ચૂંટણી જીતવી પડશે. ક્રિસ્ટલને હિન્દી, પંજાબી, ઉર્દૂ અને અરબી સહિત કુલ આઠ ભાષાઓનું જ્ઞાન છે. તેઓ વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતોમાં નિપુણ છે.



**કોણ છે ક્રિસ્ટલ કૌલ?** ક્રિસ્ટલ કૌલનો જન્મ ન્યૂયોર્કમાં થયો હતો. તેમના પિતા કાશ્મીરના રહેવાસી હતા અને 26 વર્ષની ઉંમરે અમેરિકામાં સ્થાયી થઈ ગયા હતા. ક્રિસ્ટલની માતા દિલ્હીના રહેવાસી હતા અને જ્યારે તેઓ સાત વર્ષના હતા ત્યારે તેઓ અમેરિકા જતા રહ્યા હતા.


# USમાં નેવાદા યુનિ.ના કેમ્પસમાં ગોળીબાર, હુમલાખોર ઠાર મરાયો

## 3ના મોત, 1 ઘાયલ, હુમલાખોર પણ ઠાર મરાયો

■ નેવાડા

અમેરિકન શહેર લાસ વેગાસ સ્થિત નેવાદા યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસમાં બુધવારે થયેલા ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા છે અને એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. પોલીસ કાર્યવાહીમાં હુમલાખોર પણ માર્યો ગયો હતો. લાસ વેગાસ મેટ્રો પોલીસે જણાવ્યું કે આ હુમલો સ્થાનિક સમય અનુસાર લગભગ 11:45 વાગ્યે થયો હતો. શૂટર વિશે ચેતવણી મળ્યા પછી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો પોતાનો જીવ બચાવવા માટે યુનિવર્સિટીમાં તેમના રૂમમાં બંધ થઈ ગયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ બપોરે 12.30 વાગ્યે ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિ શોધી કાઢવામાં આવ્યો હતો અને તેનું મોત નીપજ્યું હતું. પરંતુ પોલીસે હુમલાખોર વિશે વધુ કોઈ માહિતી શેર કરી ન હતી અને કહ્યું હતું કે હુમલાના સંભવિત હેતુ વિશે કોઈ માહિતી નથી. તે પણ અસ્પષ્ટ છે કે શંકાસ્પદનું મૃત્યુ કેવી રીતે થયું



અને પોલીસે પીડિતોની ઓળખ વિશે કોઈ માહિતી જાહેર કરી નથી.

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે હવે કોઈ ખતરો નથી અને પોલીસે ગોળીબારથી પ્રભાવિત લોકો માટે હોટલાઈનની વ્યવસ્થા કરી છે. યુનિવર્સિટી ઓફ નેવાદા એડમિનિસ્ટ્રેશન તરફથી X પર પોસ્ટમાં હુમલાની ધમકી અંગે પહેલાથી ચેતવણી આપવામાં આવી હતી કે બીમ હોલ બિઝનેસ સ્કૂલ બિલ્ડિંગની નજીક એક શૂટર હોવાના અહેવાલ મળ્યા છે. દોડો, સંતાઈ જાઓ અને લડો.



# ભવ્ય રામમંદિરમાં લાગશે અમદાવાદના ગોતામાં બની રહ્યા છે ભગવાનના ધ્વજદંડ

## 161 ફૂટ ઊંચા શિખર પર 44 ફૂટના મેઈન ધ્વજદંડનું વજન 5500 કિલો

■ અમદાવાદ

ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યામાં ભવ્ય રામમંદિરનું નિર્માણ ચાલી રહ્યું છે. 22 જાન્યુઆરી 2024ના રોજ રામમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા યોજાશે. ત્યારે રામમંદિરમાં જે ધ્વજદંડ લાગશે તે અમદાવાદમાં બની રહ્યા છે. અમદાવાદના ગોતા-ચાંદલોડિયા રોડ પર આવેલી ફેક્ટરીમાં રામમંદિર માટે 7 ધ્વજદંડ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેમાં મેઈન ધ્વજદંજની ઊંચાઈ 44 ફૂટ છે અને તેનું વજન 5500 કિલો છે. આ ધ્વજદંડ રામમંદિરના 161 ફૂટ ઊંચા શિખર પર લગાવવામાં આવશે. જ્યારે અન્ય 6 ધ્વજદંડ પણ આ જ ફેક્ટરીમાં બની રહ્યા છે. જેમાં એક ધ્વજદંડનું વજન 800 કિલો છે.

## અન્ય 888 કિલોગ્રામના 6 ધ્વજદંડ પણ લગાવાશે

### દરવાજામાં 10 કિલોની એક એંગલ વપરાઈ

ધ્વજદંડ બનાવતી ફેક્ટરીના માલિક ભરત મેવાડાએ ખાસ વાતચીત કરી છે. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, મારી ગોતામાં ફેક્ટરી છે, અયોધ્યા રામમંદિરનો ધ્વજદંડ બનાવવાનો લાભ ત્યાંના આર્કિટેકને લીધે મળ્યો છે. આ ઉપરાંત મંદિરમાં ઝુમ્મર, દીવા લટકાવવાનું મટિરિયલ સહિતનું મેં સપ્લાય કર્યું છે. રામમંદિરના દરવાજામાં ક્રાફ્ટનું પિતળનું હાર્ડવેર સ્પેશિયલ વાપરવામાં આવ્યું છે. આપણે ઘરમાં ક્રાફ્ટના હાર્ડવેરની એંગલ 50 કે 100 ગ્રામની હોય છે જ્યારે રામમંદિરના દરવાજામાં 10 કિલોની એક એંગલ વાપરવામાં આવી છે. આ બધું અમે બનાવીને મોકલી પણ આપ્યું છે. હવે ત્યાં દરવાજાનું કામ ચાલી રહ્યું છે.

**ચાંદલોડિયા-ગોતા રોડ પર અમારી ફેક્ટરી છે** ભરત મેવાડાએ આગળ વાત કરતા જણાવ્યું હતું કે, આ ધ્વજદંડ અમારી કમેન્ટમેન્ટ મુજબ ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં આપવાના છે. જેમાં મેઈન ધ્વજદંડ 44 ફૂટ લાંબો છે. જે 161 શિખર બને છે તેના પર આ ધ્વજદંડ લાગશે. સામાન્ય રીતે અમે મંદિરોમાં 500 કિલોનો ધ્વજદંડ બનાવીએ છીએ, વધુમાં વધુ 550 કિલો હોય. પણ રામમંદિરના મેઈન ધ્વજદંડનું વજન 5500 કિલો છે.





# ગાંધીનગરને સજાવવા સરકારે 35 કરોડ મંજૂર કર્યાં

## 3 ઓવરબ્રિજ અને બે અંડરબ્રિજ પર પેઈન્ટિંગ કરવા 3 કરોડનો ખર્ચ થશે

■ ગાંધીનગર

જાન્યુઆરી મહિનામાં યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પગલે ગાંધીનગરના મુખ્ય માર્ગોને સજાવવા માટે સરકારે રૂ.35 કરોડના કામ મંજૂર કર્યા છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-2024માં દેશ-વિદેશના મહાનુભાવોની અવર-જવર રહેશે. સમગ્ર વિશ્વમાં ગાંધીનગરની આગવી છાપ ઊભી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ.35 કરોડના કામોને ખાસ મંજૂરી આપવામાં આવી છે. વાઈબ્રન્ટ મહોત્સવ દરમિયાન એરપોર્ટથી મહાત્મા મંદિર સુધીનો માર્ગ, રક્ષાશક્તિથી ગિફ્ટ સિટી અને ભાઈજીપુરા પાટીયાથી પીડીપીયુ તરફ જતા રસ્તાને સજાવવા માટે વિશેષ કાળજી રાખવામાં આવશે. કોબા સર્કલથી ચ - 0 સર્કલ સુધી રોડની ડાબી તરફ ફૂટપાથ અને ફેન્સિંગની કામગીરી માટે રૂ. 3 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

**35 કરોડના ખર્ચે ગ્લોબલ કેપિટલ બનાવવાનું સરકારનું આયોજન:** આ ઉપરાંત રોડ શો જેવા કાર્યક્રમો દરમિયાન સ્વાગત કરવા માગતા લોકો ફૂટપાથ પર ઊભા રહી શકશે. કોબા સર્કલથી રક્ષાશક્તિ સર્કલ સુધી ડાબી બાજુ લેન્ડસ્કેપીંગ તથા ચ-0 સર્કલ બાજુના પ્લોટને બ્યુટીફાઈડ કરવાની કામગીરી માટે રૂ.9 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. રાયસણ-કોબા વચ્ચે ભાઈજીપુરાથી સિગ્નેચર બ્રીજના 80 મીની કામગીરી હાથ ધરાઈ છે. સિગ્નેચર બ્રિજ પર લેન્ડસ્કેપિંગ ડેવલોપમેન્ટ માટે રૂ.19 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## NEWS FILE

### GSTમાં કરચોરી કરવા મામલે દેશમાં ગુજરાત ત્રીજા નંબરે




xઅમદાવાદ: તાજેતરમાં જીએસટી ટેક્સચોરી પકડવા માટે સમગ્ર દેશમાં સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. આ ડ્રાઈવ દરમિયાન દરેક રાજ્યમાંથી કરોડો રૂપિયાની ટેક્સચોરી ઝડપી પાડવામાં આવી હતી. રાજ્યસભામાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ જીએસટી કરચોરીમાં સમગ્ર દેશમાં ગુજરાત ત્રીજા ક્રમે આવ્યું છે. સૌથી વધારે ટેકસચોરી મહારાષ્ટ્ર, હરિયાણા બાદ ગુજરાતમાં રૂ.12 હજાર કરોડની ઝડપી પાડવામાં આવી છે. મહારાષ્ટ્રમાં રૂ. 84,414 કરોડની ટેક્સ ચોરી કરીને મોખરે રહ્યું હતું. બીજા ક્રમે હરિયાણા રૂ. 13,795 કરોડની ટેક્સ ચોરી ઝડપવામાં આવી હતી.

### અમદાવાદમાં 142 વર્ષે ખારીકટ કેનાલની કાયાપલટ થશે

અમદાવાદ: અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં સૌથી મોટી સમસ્યા એવી ખારીકટ કેનાલની ગંદકીથી લઈને દુર્ગંધનો પ્રશ્ન હવે આગામી બે વર્ષમાં ઉકેલાઈ જશે. પૂર્વ વિસ્તારમાંથી પસાર થતી 142 વર્ષ જૂની 12 કિલોમીટર લાંબી ખારીકટ કેનાલને ઢાંકી અને તેના ઉપર રોડ બનાવી પૂર્વ વિસ્તારની સમસ્યાને કાયમ માટે દૂર કરવાનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર અને મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સૌથી મોટો પ્રોજેક્ટ એવો ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

### હર્ષ સંઘવીએ ગાંધીનગર એસટી ડેપોની સરપ્રાઈઝ વિઝીટ લીધી



ગાંધીનગર: રાજયના મુસાફરોને વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થઈ શકે એ માટે તાજેતરમાં જ વાહન વ્યવ્હાર મંત્રીએ ગાંધીનગરના એસ.ટી ડેપોથી "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા" કેમ્પેઈનનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. ત્યારે અચાનક જ મંત્રી હર્ષ સંઘવી દ્વારા એસ.ટી ડેપોનું જાત નિરીક્ષણ કરવા માટે સરપ્રાઈઝ વિઝિટ કરવામાં આવતાં અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. મંત્રીએ સમગ્ર એસ.ટી ડેપોમાં ફરીને સ્વચ્છતા તેમજ કેન્ટીનનાં નાસ્તા - રસોડાની પણ મુલાકાત લીધી હતી. ગાંધીનગર એસ.ટી ડેપો ખાતેથી વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા" કેમ્પેઈનનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

# 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર' તરીકે ઉજવણી « મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુનેસ્કો દ્વારા યોજાયેલો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો

■ અમદાવાદ

યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ (અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર) તરીકે જાહેરાતની ઉજવણી પ્રસંગે અમદાવાદના ભદ્રકાળી મંદિર પરીસર ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ નગરદેવીમાં ભદ્રકાળીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા તથા રાસ ગરબાના વિવિધ પ્રકારોને સમાવેશ કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો. બૉત્સ્વાના ખાતે આજે યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા ગુજરાતની સંસ્કૃતિનું અભિન્ન અંગ એવા ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ (અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર) તરીકેની જાહેરાતનું રાજ્યભરમાં પ્રસારણ કરવામાં આવ્યું હતું. ભદ્રકાળી મંદિર પરિસર સહિત બનાસકાંઠામાં અંબાજી મંદીર પરિસર, પંચમહાલમાં પાવાગઢ મંદિર પરિસર અને મહેસાણા ખાતે બહુચરાજી મંદિર પરિસરમાં મુખ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા અને પરંપરાગત ગરબા સાથે વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા આ ઐતિહાસિક સિદ્ધિની ઉજવણી કરવામાં આવી હતી.

### ગુજરાતીઓ માટે ગૌરવનો દિવસ

આ પ્રસંગે સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજયકક્ષા મંત્રી હર્ષ સંઘવીએ પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું કે, વિશ્વના ખૂણેખૂણે વસતા ગુજરાતીઓ માટે આજે ગૌરવનો દિવસ છે. ગુજરાતની શેરીઓ/નગરોમાં યોજાતા પરંપરાગત ગરબાથી લઈને રાજ્યભરમાં યોજાતા આધુનિક ગરબા દેશભરમાં ગુજરાતીઓની સાંસ્કૃતિક વિરાસત તરીકે જાણીતા બન્યાં છે.

## વાઈબ્રન્ટ ગુજરાત મહોત્સવે વૈશ્વિક ખ્યાતિ અપાવી



માં અંબાના પ્રખર ઉપાસક અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા. ત્યારથી જ રાજ્યની સાંસ્કૃતિક વિરાસતોને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેલા. તેમના માર્ગદર્શન હેઠળ નવીન ઉપક્રમ તરીકે રાજ્યમાં શરૂ કરાયેલી વાયબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ દ્વારા ગરબાને વિશ્વભરમાં મોટી પ્રસિદ્ધિ મળી છે અને નવરાત્રિ ઉત્સવ વિશ્વમાં સૌથી લાંબો ચાલનારો લોકોત્સવ બન્યો છે એમ તેમણે જણાવ્યું હતું



# કચ્છની ધરતી પર દુનિયાનો સૌથી મોટો ગ્રીન એનર્જી પાર્ક બનશે: ગૌતમ અદાણી

### 2 કરોડ પરિવાર વીજળી મળતાં થશે રોશન, દુનિયાનું એનર્જી કેપિટલ

■ કચ્છ

કચ્છની ધરતી પર દુનિયાનો સૌથી મોટો ગ્રીન એનર્જી પાર્ક બનવા જઈ રહ્યો છે. 726 સ્કેવર કિલોમીટરના ક્ષેત્રફળમાં આકાર લઈ રહેલો આ પાર્ક 30 ગિગાવોટ જેટલી વીજળી ઉત્પન્ન કરશે જેનાથી લગભગ 2 કરોડ ઘર રોશન થઈ શકે તેમ છે. આ પાર્કને અદાણી જૂથની અદાણી ગ્રીન્સ કંપની બનાવી રહી છે.

આ મામલે અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ ખુદ ટ્વિટ કરીને જાણકારી આપી હતી. તેમણે તેમના ઓફિશિયલ X હેન્ડલ પર લખ્યું, “અમે વિશ્વના સૌથી મોટા ગ્રીન એનર્જી પાર્કનું નિર્માણ કરી રહ્યા છીએ ત્યારે રિન્યુએબલ એનર્જીમાં ભારતના પ્રભાવશાળી પગલામાં નિર્ણાયક ભૂમિકા ભજવવા બદલ ગર્વ અનુભવીએ છીએ.

### અદાણી ગ્રીન બનાવી રહી છે ગ્રીન પાર્ક, ખુદ અદાણી જૂથના ચેરમેને આપી માહિતી

### પ્રોજેક્ટનો શિલાન્યાસ પીએમ મોદીએ કર્યો હતો

મહત્વનું છે કે આ પ્રોજેક્ટનો શિલાન્યાસ પીએમ મોદીએ કર્યો હતો. 15 ડિસેમ્બર 2020ના રોજ વડાપ્રધાન મોદીએ કચ્છમાં વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કનો શિલાન્યાસ કર્યો હતો. આ સાથે તેમણે ડિસેલિનેશન પ્લાન્ટ, ઓટોમેટેડ મિલ્ક પ્રોસેસિંગ અને પેકેજિંગ પ્લાન્ટ સહિત અનેક વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ વિશે ગૌરવમયી વાત એવી છે કે આ ભારતનો એવો પ્રોજેક્ટ હશે જેને સ્પેસથી પણ જોઈ શકાશે. ઉપરાંત 726 સ્કેવર કિલોમીટરમાં ફેલાયેલા આ પાર્કથી 30 ગિગાવોટ જેટલી રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થશે જેનાથી લગભગ 2 કરોડ પરિવારોને વીજળી પહોંચાડી શકાય તેમ છે.

**રિન્યુએબલ એનર્જી માટેની ભારતમાં અનેક ક્ષમતા:** અદાણી જૂથની થોડા મહિનાઓ પહેલા યોજાયેલી એજીએમ બેઠકમાં અદાણી ગ્રૂપના ચેરમેને જણાવ્યું હતું કે અદાણી ગ્રીનનો વર્તમાન 8 ગીગાવોટનો પોર્ટફોલિયો દેશની સૌથી મોટી ઓપરેશનલ રિન્યુએબલ ક્ષમતા છે. તેમણે કહ્યું કે અમારું ધ્યાન મોટા પાયે સૌથી ઓછી કિંમતના ગ્રીન ઈલેક્ટ્રોનનું ઉત્પાદન કરવા પર છે અને અમારું લક્ષ્ય 2030 સુધીમાં 45 GW રિન્યુએબલ એનર્જી ક્ષમતા હાંસલ કરવાનું છે. આ પાર્ક 72, 600 હેક્ટર જમીનમાં ફેલાયેલો હશે. 49,600 હેક્ટર જમીન પર હાઈબ્રિડ પાર્ક ઝોન હશે.





# લગ્નસરાને લઈ નિર્ણય, મહુવા-વેરાવળની ટ્રેન દોડશે

### મહુવા સ્પેશિયલના 34 અને વેરાવળના 16 ફેરા દોડશે, સુરતને વધુ 2 સ્પેશિયલ ટ્રેન મળી

■ સુરત

દિવાળી બાદ સૌરાષ્ટ્રથી પરત ફરતા મુસાફરો અને લગ્નની સિઝનને લઈને રેલવે વિભાગ દ્વારા સુરત અને સૌરાષ્ટ્રને જોડતી બે સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વેસ્ટર્ન રેલવે વધતા જતા મુસાફરો માગને પહોંચી વળવા તેમજ મુસાફરોને વધુ સુવિધા પૂરી પાડવાના હેતુથી સુરતથી મહુવા અને વેરાવળ માટે સ્પેશિયલ ટ્રેનો શરુ કરે છે. ટ્રેન નંબર 09111 સુરત-મહુવા સ્પેશિયલ ટ્રેન સુરતથી દર બુધવાર અને શુક્રવારે 22.00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 09.10 કલાકે મહુવા પહોંચશે. આ ટ્રેન 06 ડિસેમ્બરથી 31મી જાન્યુઆરી 2024 સુધી ચાલશે. તે જ પ્રમાણે ટ્રેન નંબર 09112 મહુવા-સુરત સ્પેશિયલ ટ્રેન દર ગુરુવાર અને શનિવારે મહુવાથી 13.15 કલાકે ઉપડશે અને બીજા દિવસે 02.30 કલાકે સુરત પહોંચશે. ટ્રેન નંબર 09017 સુરત-વેરાવળ સ્પેશિયલ ટ્રેન સુરતથી દર સોમવારે 19.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 08.05 કલાકે વેરાવળ પહોંચશે.

## NEWS FILE

### જામનગરના દાંતના ડૉ.રિમ્મી તકવાણીનું ફેલોશીપથી સન્માન



જામનગર: જામનગના દાંતના ડોક્ટરે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જામનગરનું નામ રોશન કર્યું છે. આ ડોક્ટરની અદ્યતન સુવિધા મુક્ત સારવારને અમેરિકન એકેડમીએ માન્ય રાખી એસોસિએટ ફેલોથી સન્માન કર્યું છે. જામનગરના જાણીતા દાંતના ડો.રિમ્મી તકવાણી છેલ્લા 15વર્ષથી કેન્સર રોગમાં ગુમાવેલ આંખ, નાક અને ચહેરાના ભાગોની સારવાર કરી રહ્યા છેતેમજ કોરોનામાં મ્યુકરથી ગુમાવેલ અંગેનું અદ્યતન ટેક્નોલોજી શસ્ત્ર ક્રિયા કરી 150 થી વધુ દર્દીઓને નવજીવન આપ્યું છે. અને એસોસિએટ ફેલોથી સન્માન કરવામાં આવતા ડો. રિમ્મી તકવાણીએ જામનગરનું નામ રોશન કર્યું છે.

### IGNOU અને કેન્યાની ઓપન યુનિવર્સિટી વચ્ચે MoU થયા

રાજકોટ: IGNOU અને કેન્યાની ઓપન યુનિવર્સિટી વચ્ચે સમજૂતીના મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેને લીધે શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ થશે અને વિદ્યાર્થીઓને પણ વિદેશની વિશ્વવિદ્યાલય સાથે જ્ઞાનનું આદાન-પ્રદાન થતાં અભ્યાસની વિપુલ તકો ઉપલબ્ધ થશે. રાજકોટ IGNOUના ક્ષેત્રીય નિર્દેશક ડૉ. રૂપલ કુબાવતે જણાવ્યુ હતું કે, કેન્યાના શિક્ષણ મંત્રાલયના અગ્ર સચિવ અને IGNOUના વાઈસ ચાન્સેલર વચ્ચે કેન્યાની ઓપન યુનિવર્સિટી -ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી વચ્ચે વિવિધ ડોમેન્સમાં સહયોગ વધારવા માટે MoU થયા છે.

### મહુવાની માલણ નદીનો બ્રિજ ક્યારે થશે રિપેર?



મહુવા : મહુવા શહેરથી નેશનલ હાઈવેને જોડતો માલણ નદી પરના પુલ પર મસમોટા ભૂવા અને ખાડા પડી ગયા છે. માલણ નદી પર વર્ષો જુનો પુલ બનાવેલો છે. આ પુલને હાલમાં ખાસ સમારકામની જરૂર છે. માલણ નદી પરના પર એક મોટો ભુવો છે તેમજ નાના-મોટા ચાર ગાબડા પડી ગયા છે. પુલની વચ્ચે મોટી તિરાડ પડી ગઈ છે. આ બ્રિજ પરથી દરરોજ હજારોની સંખ્યામાં વાહનો અવર જવર કરે છે. શહેરથી ચાર કિલોમીટર દૂર કોર્ટ તેમજ તમામ સરકારી કચેરીઓ આવેલી હોવાથી અનેક અધિકારીઓ આ પુલ પરથી પસાર થતા હોય છે. લાંબા સમયથી આ પુલ પર મોટો ભુવો, ગાબડા તેમજ તિરાડ પડી ગઈ છે.

# 50 વર્ષ જૂના પુલનાં નિર્માણનો રસ્તો સાફ

### રાજવી પરિવારે જવાબ ન અપાતા લેવાયું પગલું

■ રાજકોટ

રાજકોટનાં 50 વર્ષ કરતા વધુ જૂના ઐતિહાસિક એવા સાંઢિયા પુલનાં નવીનીકરણનો રસ્તો સાફ થયો છે. આ માટે અગાઉ રેલવે વિભાગ સાથે કેટલાક મતભેદો હતા. જોકે, આ તમામ અડચણો પાર કરી નવો ફોરલેન બ્રિજ બનાવવા માટે મહાનગરપાલિકાએ સંપૂર્ણ તૈયારી કરી હતી. ફક્ત ટેન્ડર કરવાનું બાકી હતું. પરંતુ બ્રિજ બનાવવા માટે પુલની બંને બાજુ ડાયવર્ઝન અને સર્વિસ રોડ બનાવવામાં ભોમેશ્વર સાઈડમાં અમુક જગ્યા માટે વર્ષો જૂના મંદિરનો અમુક ભાગ રોડમાં લેવો જરૂરી છે. આ માટે રાજવી પરિવાર પાસે મંજૂરી માગવામાં આવી હતી. પરંતુ તેમના દ્વારા કોઈ જવાબ નહીં અપાતા મનપાએ આખો રોડ લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ (LOP)માં મૂકતા બ્રિજનાં નવીનીકરણનો રસ્તો સાફ થયો છે. ટૂંક સમયમાં આ માટેના ટેન્ડર બહાર પાડવામાં આવશે. પણ હવે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ હેઠળ આ જગ્યા મૂક્યા બાદ જમીનનો કબ્જો આપોઆપ મહાનગરપાલિકાને મળી જશે.

**મંજૂરી ન મળતા પુલનું ટેન્ડર અટકી પડ્યું હતું**

પરંતુ આ મંજૂરી ન મળતા પુલનું ટેન્ડર અટકી પડ્યું હતું. જ્યાં સુધી મંદિરની જમીનમાંથી રસ્તા કાઢવાની મંજૂરી ન મળે ત્યાં સુધી કોઈ જાતનું કામ શરૂ થઈ શકે તેમ નહીં હોવાથી કોર્પોરેશને BPMC એક્ટ 213 મુજબ જાહેર હેતુ માટે કોઈ પણ સ્થળે જગ્યા લેવાની ફરજિયાત થાય ત્યારે આ નોટિસ હેઠળ જગ્યાનો કબ્જો મેળવી શકાય છે. તેવું જાણ્યા બાદ આ વિસ્તારના સરવે નંબર 495 પૈકી મંદિરની 737 ચો.મી. જગ્યાને લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ હેઠળ મૂકવાનો નિર્ણય કર્યો છે.

### RMCએ ડાયવર્ઝન માટે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટનો માર્ગ અપનાવ્યો

**રાજવી પરિવાર પાસે મંજૂરી માગવામાં આવી હતી**

મનપાનાં ડેપ્યુટી કમિશનર સી.કે. નંદાણીનાં જણાવ્યા મુજબ ઈસ્ટ ઝોનના મોટાભાગના વિસ્તારને રાજકોટ સાથે જોડતા વર્ષો જૂના સાંઢિયા પુલને તોડીને નવો બનાવવા છ માસ પહેલા તૈયારીઓ શરૂ કરાઈ હતી. ડિઝાઈન ફાઈનલ થયા બાદ પુલનું કામ રેલવે વિભાગ કરશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલમાં સાંઢિયા પુલ જર્જરિત હોય ભારે વાહન માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. જોકે, બ્રિજ બનાવવા માટે બન્ને બાજુ વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન માટે જમીન સંપાદનની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ભોમેશ્વર સાઈડમાં પુલની બાજુમાં આવેલ મંદિરની સાઈડમાંથી ડાયવર્ઝન કાઢવાનું હોવાથી મંદિરનો અમુક ભાગ દૂર કરવો જરૂરી હતો. જેના માટે મંદિરનું સંચાલન કરતા રાજવી પરિવાર પાસે મંજૂરી માગવામાં આવી હતી.

# બધા પાસા વિચારીને પગલું ભરાય ત્યારે પાછા પડવાની શક્યતા નહિવત હોય છે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - 10

લક્ષ્મીપ્રસાદ પણ ત્યાં જ આવીને ઊભા રહ્યા. હજુ તો આખો સ્કેચ બન્યો પણ નહોતો. માત્ર આંખો-નાક ને થોડાક કપાળનો જ સ્કેચ બનેલો, ત્યાં જ લક્ષ્મીપ્રસાદ ને ઈન્સ્પેક્ટર બંને એ એકબીજાની સામું જોયું.

ત્યારે લક્ષ્મીપ્રસાદના હાવભાવ જોઈને એક ક્ષણ ઈસ્પેક્ટરે કંઈક વિચાર્યું ને બોલ્યાં 'તમારા પાકીટમાંઅખિલનો ફોટો છે?

આ સાંભળીને લક્ષ્મીપ્રસાદનું દિલ બેસવા લાગ્યું, એના બારેય વહાણ ડૂબતાં લાગ્યા એમને, પરંતુ આ ઈન્સ્પેક્ટર સાથે પહેલાં પણ એનો પનારો પડી ચૂક્યો હતો, તેથી એની કામ કરવાની રીત, બુદ્ધિપ્રતિભા એનાથી એ ભલીભાંતી પરિચિત હતાં. લક્ષ્મીપ્રસાદ ખિસ્સામાં હાથ નાંખીને પાકીટ કાઢતા બોલ્યા 'યાદ નથી, જોવ હોય તો.' આટલું તો માંડ બોલાયું એનાથી ને હાથપગમાંથી શક્તિ ઓસરી જતી લાગી.

પરંતુ ઈન્સ્પેકટરે હાથ લંબાવીને પાકીટ જ માંગી લીધું ને બોલ્યાં, 'લાવો હું જ જોઈ લઉં.' હવે બીજો કોઈ આરો જ હતો ક્યાં? એમણે ઈન્સ્પેક્ટરનાલંબાવેલા હાથમાં ચૂપચાપ પાકીટ સોંપી દેવું પડ્યું. એમને એ પાકીટ નહીં પરંતુ અખિલ નું ભવિષ્ય લાગ્યું.

ઈન્સ્પેક્ટરેપાકીટમાંથી અખિલ નો ફોટો કાઢીને પેલા છોકરાને બતાવ્યો કે તરત જ છોકરો બોલી ઉઠ્યો 'હા-હા આજ માણસ હતો.' હવે તો શકની કોઈ ગુંજાઈશ જ નહોતી. લક્ષ્મીપ્રસાદના મનમાં શોરબકોર મચી ગયો. આ હું કયરું તે દીકરા? હું તને માંડ-માંડ મુસીબતમાંથી બહાર કાઢવાનું કરું છું ને તું નવી-નવી મુસીબતો ઊભી કયરે જ રાખે છે! કેમ કરીને હવે તને આ જમડાથીબચાવીશ!

મિયા પડે પણ ટંગડી તો તોય ઊંચી જ રાખે એમ ઈન્સ્પેક્ટરને કહ્યું 'સાહેબ શુભા એની દીકરી છે. ઈ હું કામ એને ઉપાડી જાય?'

ઈન્સ્પેક્ટરેગુસ્સાથી ઊંચા અવાજે જવાબ આપ્યો 'આ બધા સવાલો તમે એને પૂછજો,મને નહીં સમજ્યાં.ચાલો તમારી ઘેર,મારેતુલસીને મળવું છે.' 'એક મિનિટ ઊભા રહો. અખિલ તો જેલમાં હતો ને? એ કઈ રીતે હોય?' ઈસ્પેક્ટરે થોડું ગૂંચવાતા કહ્યું.

'આજે જ છુયટો જામીન ઉપર.' ધીરે અવાજે લક્ષ્મીપ્રસાદે કહ્યું ને મનોમન બોલ્યા પણ ખરા કે આના કરતાં તો જામીન પર ના છુયટો હોત તો સારું હતું. 'બહાર આવીને ચોવીસ કલાકેય સીધું ન રહેવાયું એનાથી.' એ ગુસ્સાથી બોલ્યાં.

અને ઓફિસમાંથી બહાર આવીને ડ્રાઈવરનેલક્ષ્મીપ્રસાદની ગાડીની પાછળ જીપ લેવાનું કહ્યું. જીપમાં બેસતાં જ ઈન્સ્પેક્ટરનું મગજ કામે લાગી ગયું, એમને ખાતરી હતી કે, અખિલેજુનાગઢક્યારનુંયે છોડી દીધું હશે. ત્રણ વાગ્યે શુભાનીહાજરીના પુરાવા છે. અત્યારે આઠ વાગવા આવ્યાં.

પાંચ કલાકમાં તો એ ક્યાંનો ક્યાંય નીકળી ગયો હોય. જુનાગઢમાં એને શોધવાનો પ્રયત્ન નિરર્થક છે. પરંતુ તોયે એ શક્યતાને પણ સાવ તો અવગણી શકાય જ નહીં.

એણે શુભાનું અપહરણ શેના માટે કર્યું હશે? એણે બહુ જ વિચાર્યું પરંતુ કોઈ કારણ એને જડ્યું નહીં. ઈન્સ્પેક્ટરતુલસીના જીવનની સર્વ વિટંબણાઓથી વાકેફ હતા. એને વિચાર આવ્યો કે, કેવા ભાગ્ય લઈને આવી છે આ સ્ત્રી? એકમાત્ર દીકરીનો સહારો હતો, એ પણ એનાથી દૂર થઈ ગઈ. ત્યારે જ એણે મનમાં વિચારેલું કે, પોતાનાથી શક્ય પ્રયત્ન એ શુભાની ભાળ મેળવવામાં કરશે. એક પણ શક્યતાને અજમાવવી નહીં છોડે.

ત્રણ દિવસ ને ત્રણ રાત બોતેર કલાક થઈ ગયા શુભાનાઅપહરણને પરંતુ ક્યાંય અખિલ કે શુભાનો કોઈ જ અત્તોપત્તો નહોતો લાગ્યો. તુલસીની હાલત તો જોવાતી નહોતી. બેફામ રડતી હતી પછી બેભાન થઈ જતી હતી. વળી, ભાનમાં આવતી હતી, રડતી હતી ને પાછી બેભાન થઈ જતી હતી. ઈન્સ્પેક્ટર રોજ એકવાર તો તુલસીને મળવા આવતા જ, એને સમજાવતા, સાંત્વના આપતા કે આજે નહીં તો કાલે શુભા મળવાની છે જ. શુભા મળશે ત્યારે પછી જો તુલસીની હેલ્થ સારી નહીં હોય તો શુભાનુ ધ્યાન કોણ રાખશે?



આવું-આવું કહીને ઈન્સ્પેક્ટરેતુલસીને ખાતી કરેલી. લક્ષ્મીપ્રસાદ અને રુખીબહેનનેયકરડાકીથી સમજાવી દીધેલું કે, ખબરદાર જો તુલસીને હેરાન કરી છે તો. તુલસીની હાલત જોઈને લક્ષ્મીપ્રસાદને તુલસી પર દયા આવવા લાગી હતી. અંદરથી એ થોડા પીગળવા લાગ્યા હતાં. ઈન્સ્પેક્ટરનીબીકને લીધે રુખીબહેનેતુલસીનેઆડુતેડુબોલવાનું બંધ કર્યું હતું, પરંતુ એ પીગળ્યાં તો જરાય નહોતા. કારણ કે, અખિલની તમામ હેરાનગતિ નું મૂળ એ તુલસીને જ માનતા હતાં.

અખીલે છોડી દીધેલી ગાડી મળી આવી હતી, એટલે ઈન્સ્પેકટરે એકને એક બે કરી જ નાખ્યું હતું.

શુભાનું અપહરણ કરવાનો નિર્ણય અખીલે આવેશમાં આવીને લીધેલો નિર્ણય બિલકુલ નહોતો. બધું જ પૂર્વઆયોજિત હતું. જ્યારે બધા પાસા વિચારીને કોઈ પગલું ભરાય ત્યારે એના પાછા પડવાની શક્યતા નહિવત્ હોય છે. જ્યારે એણે આ બધું વિચારીને અપહરણ કર્યું છે, એટલે નક્કી એને કોઈકનો સાથ તો હશે જ અને એણે નહીં પકડાવા માટેના બધા જ રસ્તા વિચારી રાખેલા હશે જ, અને જો આવું જ હશે તો શુભાની ભાળ મળવી મુશ્કેલ છે.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

પરિવારના સભ્યો સાથે પરસ્પર ચર્ચા કરીને લીધેલો નિર્ણય શ્રેષ્ઠ રહેશે. ઘરમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થશે. સંતાન સંબંધિત સમસ્યાઓનો ઉકેલ મળવાથી ચિંતા દૂર થશે. ખરીદી વગેરે કરતી વખતે તમારા મન પર નિયંત્રણ રાખો અને તમારા ખર્ચ પર નિયંત્રણ રાખો કારણ કે વધુ પડતા ખર્ચની સ્થિતિ સર્જાઈ રહી છે.

### વૃષભ



(બ.વ.ઉ)

કોઈપણ અટકેલી પ્રવૃત્તિને ફરીથી શરૂ કરવાના પ્રયાસો સફળ થશે અને તમે તણાવમાં પડ્યા વિના તમારી દિનચર્યા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો. તમને કોઈ સમારોહમાં હાજરી આપવાની તક મળશે અને પ્રભાવશાળી લોકો સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક સાબિત થશે. તમારી કાર્ય ક્ષમતા પર વિશ્વાસ હોવો પણ જરૂરી છે.

### મિથુન



(ક.છ.ઘ)

જો કોઈ સમસ્યા કે અવરોધ આવી રહ્યા છે તો અનુભવી લોકોની સલાહ લેવાથી તમને યોગ્ય દિશા મળશે. તમારી મનપસંદ રસપ્રદ પ્રવૃત્તિઓમાં થોડો સમય પસાર કરવાની ખાતરી કરો, આ તમને માનસિક અને શારીરિક ઊર્જા આપશે. આળસ અને આળસ જેવી નકારાત્મક બાબતોને તમારા પર હાવી ન થવા દો.

### કર્ક



(ડ.હ)

આ સમયે ગ્રહોની સ્થિતિ તમને કંઈક સારું આપવાનો પ્રયાસ કરી રહી છે. આઉટડોર પ્રવૃત્તિઓ અને મિત્રો સાથેના જોડાણને મજબૂત બનાવો. લોકો પણ તમારી પ્રવૃત્તિઓ અને વર્તનથી પ્રભાવિત થશે. ઘરની સુખ-શાંતિ સંબંધિત કાર્યોમાં પણ સમય સારો પસાર થશે. કોઈ સ્વાર્થને લીધે તમારા વિશે કોઈ અફવા ફેલાવી શકે છે.

### સિંહ



(મ.ટ)

આળસ છોડી દો અને ઉર્જાવાન બનો. અનુભવી લોકોને મળવાની તક મળશે. તમારી વિચારવાની શૈલી અને દિનચર્યામાં પણ સકારાત્મક પરિવર્તન આવશે. કોઈપણ સામાજિક પ્રવૃત્તિમાં તમારા યોગદાન અને કાર્યની પ્રશંસા કરવામાં આવશે. બીજાની બાબતોમાં દખલ કરવાથી પણ તમારી પ્રતિષ્ઠા પર નકારાત્મક અસર પડી શકે છે.

### કન્યા



(પ.ઠ.ણ)

દિવસ આનંદમાં પસાર થશે. પ્રભાવશાળી અને આધ્યાત્મિક લોકો સાથે તમારો સંપર્ક થશે. અને ઘણી મહત્વની બાબતો પણ અનુભવ દ્વારા જાણવા મળશે. વિદ્યાર્થીઓ તેમના પ્રોજેક્ટ વિશે ઉત્સાહિત હશે અને તેને ટૂંક સમયમાં પૂર્ણ કરશે. બિનજરૂરી વાદવિવાદમાં ફસાશો નહીં ગુસ્સો અને ચીડિયાપણું જેવી ખામીઓ પર નિયંત્રણ રાખો.

### તુલા



(ર.ત)

કેટલાક ઉતાર-ચઢાવ આવશે, પરંતુ કોઈ સમસ્યાના કિસ્સામાં નજીકના સંબંધીઓનો સહયોગ તમારું મનોબળ જાળવી રાખશે. જેના કારણે તમને તણાવમાંથી ઘણી રાહત મળશે. કોઈપણ મહત્વપૂર્ણ કાર્યનો પાયો નાખવા માટે આજનો દિવસ ઉત્તમ છે. વધુ પડતી અનુશાસન જાળવવાથી અન્ય લોકો માટે મુશ્કેલી ઊભી થશે.

### વૃશ્ચિક



(ન.ય)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી અસ્તવ્યસ્ત દિનચર્યામાં થોડો સુધારો થશે. કોઈપણ મૂંઝવણનો ઉકેલ આવતાં યુવાનો રાહતનો શ્વાસ લેશે. અને તમને કેટલાક મોટા નિર્ણયો લેવાની હિંમત પણ મળશે. આ પ્રગતિનો સમય છે. સખત મહેનત ઈચ્છિત પરિણામ આપશે. ગમે ત્યાં વાતચીત કરતી વખતે તમારા વર્તનમાં મધુરતા રાખો.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

તમારા ધ્યેય માટે પૂરા દિલથી સમર્પિત રહો. આર્થિક સ્થિતિ પણ મજબૂત બનશે. યુવાનો તેમની કારકિર્દી તરફ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરશે અને સફળતા પણ પ્રાપ્ત કરશે. ઘરની જાળવણીના કાર્યોને કારણે બજેટ બગડી શકે છે.કોર્ટ-કચેરી સંબંધિત મામલાઓમાં આજે કોઈ ઉકેલ આવવાની આશા નથી. કોઈના પર વધારે વિશ્વાસ ન કરો.

### મકર



(ખ.જ)

ભાવનાઓમાં આવીને કોઈ નિર્ણય ન લો. વ્યવહારુ અને અદ્યતન વિચારસરણી તમને આગળ વધવામાં મદદ કરશે. વડીલોનો સ્નેહ અને આશીર્વાદ જળવાઈ રહેશે. જો કોઈ કોર્ટ કેસ અથવા સરકારી મામલો પેન્ડિંગ હોય તો તેને પણ વેગ મળશે. ધ્યાનમાં રાખો કે કોઈ ખોટી વાત પર પ્રતિક્રિયા કરવાથી કેટલાક લોકો તમારી વિરુદ્ધ પણ થઈ શકે છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાઓમાંથી આજે થોડી રાહત મળશે. આત્મનિરીક્ષણ કરવામાં થોડો સમય પસાર કરવાથી તમને તમારા ઘણા જટિલ કાર્યોને ગોઠવવાની તક મળશે. જો ઘરના આંતરિક ફેરફારોને લઈને કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો તેના પર ગંભીરતાથી વિચાર કરો.

### મીન



(દ.ચ.ઝ.થ)

તમારા મનને એકાગ્ર કરો અને આત્મનિરીક્ષણ કરો, તેનાથી તમારા મનમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા કોઈપણ સંઘર્ષનો અંત આવશે. તમને તમારી રુચિની પ્રવૃત્તિઓ માટે પણ સમય મળશે. પ્રિયજનની મુલાકાત દરેકને ખુશ કરશે. તમને પરસ્પર વાતચીત દ્વારા ઘણી નવી વસ્તુઓ વિશે પણ માહિતી મળશે.

## રશ્મિકા મંદાના આગામી ફિલ્મમાં આઈટમ સોન્ગ કરતી જોવા મળશે

મુંબઈ : રશ્મિકા મંદાના આગામી ફિલ્મમાં એક આઈટમ સોન્ગ કરતી જોવા મળે તેવો રિપોર્ટ છે. આ ગીતમાં તે વિજય દેવરકોંડા સાથે જોડી જમાવવાની છે.જોકે આ વિશે કોઈ સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. મળેલી જાણકારી અનુસાર, મૃણાલ ઠાકુરની આગામી ફિલ્મ ફેમિલિ સ્ટારમાં રશ્મિકા મંદાના જોવા મળે તેવી શક્યતા છે. કહેવાય છે કે, આ ફિલ્મમાં રશ્મિકાનો બન્ને કલાકારો સાથે એક ડાન્સ નંબર હશે. થોડા દિવસો પહેલા રશ્મિકા મદાના, વિજય દેવરકોંડા અને મૃણાલઠાકુરે એક સાથે ઈન્સ્ટાસ્ટોરી પર પોતાની દિલ્હી શૂટિંગની ઓન લોકેશનની જાણકારી આપી હતી. આ પછી લોકો અટકળ બાંધી રહ્યા છે કે, રશ્મિકા,વિજય અને મૃણાલ એક સાથે ફિલ્મમાં જોવા મળશે. એક વાતચીત દરમિયાન રશ્મિકાએ જણાવ્યું હતુ કે, તે જલદીજ વિજય દેવરકોંડા સાથે કામ કરતી જોવા મળશે. એટલું જ નહીં થોડા સોશયલ મીડિયા હેન્ડલ્સે પણ વિજય દેવરકોંડા અને રશ્મિકા સાથે શૂટિંગ કરતા હોવાની એક ક્લિપ વાયરલ થઈ હતી.



## તૃપ્તિ દેશની નવી હાર્ટથ્રોબ બની, ફોલોઅર્સ રાતોરાત ડબલ થઈ ગઈ

મુંબઈ : રણબીર કપૂર અને રશ્મિકા મંદાનાની ફિલ્મ ‘એનિમલ’થી તૃપ્તિ ડિમરીને સૌથી વધુ ફાયદો થયો છે. તેને હવે ભારતની નવી હાર્ટ થ્રોબ તરીકે ઓળખાવવામાં આવી રહી છે. તૃપ્તિ એક સારી એક્ટ્રેસ તરીકે પોતાની ક્ષમતા અગાઉ ઓટીટી પર પુરવાર કરી ચુકી છે. ‘બુલબુલ’ તથા ‘કલા’ જેવી ફિલ્મોને લીધે તે ઓટીટીની ટોચની હિરોઈન ગણાય છે. હવે મોટા પડદા પર પણ તે પ્રશંસા મેળવી રહી છે. ‘એનિમલ’ રીલીઝ થયા પછી તેના ચાહકોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ‘એનિમલ’ની રીલીઝ ડેટના આગલા દિવસે તેના છ લાખ ફોલોઅર્સ હતા તે હવે વધીને ૧૨ લાખ થઈ ગયા છે. તેના લીધે બોલીવૂડમાં સૌનું ધ્યાન તેના તરફ ખેંચાયું છે.માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ ‘એક્સ’ પર સતત ત્રણ દિવસથી તૃપ્તિ ડિમરી જ ટોપ ટેન ટ્રેન્ડમાં છે. તેના જૂના ફોટા તથા ઈન્ટરવ્યૂઝ સતત અપલોડ થઈ રહ્યા છે. તૃપ્તિ અગાઉ અનુષ્કા શર્માના ભાઈ અને પ્રોડ્યૂસર કર્ણેશ શર્મા સાથે રિલેશનશિપમાં હતી. બંનેના બેહદ રોમાન્ટિક ફોટા પણ વાયરલ થાય હતા. જોકે, તાજેતરમાં જ તેમનું બ્રેક અપ થઈ ગયું હતું અને બંનેએ સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો કરી દીધા હતા.





## ઓટીટી પર સફળતા માટે કપિલ ફરી સુનિલ ગ્રોવરના આશરે

■ મુંબઈ

કોમેડી શોની દુનિયાના બે કલાકારો કપિલ શર્મા તથા સુનિલ ગ્રોવર આશરે છ વર્ષના અણબનાવ બાદ ફરી એક થયા છે અને જૂના મતભેદો ભૂલીને સાથે કામ કરવાની જાહેરાત કરી છે. કપિલ આ વખતે ઓટીટી પ્લેટફોર્મ પર તેનો કોમેડી શો લાવી રહ્યો છે. તેમાં તેની સાથે સુનિલ ગ્રોવર પણ હશે. બંનેએ આ શોને લગતો એક વીડિયો જારી કર્યો હતો. તેમાં બંનેએ તેમની વચ્ચે ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયામાં થયેલી લડાઈ વિશે મજાક મસ્તી પણ કરી હતી. બંને વચ્ચે પેચ અપ થયાનું કન્ફર્મ થતાં બંનેના ચાહકો ખુશ થયા છે. કપિલ શર્માના ટીવી પરના કોમેડી શોમાં સુનિલ ગ્રોવર બહુ મહત્વનો ભાગ ભજવતો હતો.



## હુમા કુરેશી પણ નવલકથા લેખક બની ગઈ, પહેલી બૂક લોન્ચ...

મુંબઈ : અભિનેત્રી હુમા કુરેશી પણ નવલકથાકાર બની ગઈ છે. તેની પહેલી નોવેલ ‘ઝેબા એન એક્સીડેન્ટલ સુપર હીરો’ બેંગ્લુરુના લિટરેચર ફેસ્ટિવલમાં લોન્ચ કરાઈ હતી. હુમાના જણાવ્યા અનુસાર પોતે ૧૯૯૨ અને ૨૦૧૯ સુધીના કાળખંડને આવરી લેતી વાર્તા રચી છે. આ વાર્તામાં એક કાલ્પનિક સામ્રાજ્ય અને અને તેના દુષ્ટ રાજાની વાત છે. જેનો સામનો કરવા મહાશક્તિઓ ધરાવતી એક યુવતી ઝેબા હિંમત કરે છે. હુમાના જણાવ્યા અનુસાર કોરોના લોકડાઉન વખતે ફુરસદના સમયે પોતે આ નોવેલ લખવી શરુ કરી હતી. રોજ સવારે તે ચોક્કસ સમયે લખવા બેસી હતી.

## સીઆઈડીના ફેમ દિનેશ ફડનીસ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા...



મુંબઈઃ CID ફેમ દિનેશ ફડનીસનું નિધન થયું છે. તેમને રવિવારે જ હાર્ટ એટેક આવતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પછી તેની હાલત નાજુક હતી. ચાહકો તેના સાજા થવા માટે ખૂબ પ્રાર્થના કરી રહ્યા હતા, પરંતુ કોઈની પ્રાર્થના કામ ન કરી અને તેઓએ ગઈકાલે લગભગ 12 વાગ્યાની આસપાસ અંતિમ શ્વાસ લીધા હતા. લોકપ્રિય ક્રાઈમ શો CIDમાં ફ્રેડરિક્સનું પાત્ર ભજવનાર દિનેશ ફડનીસનું ગઈકાલે રાત્રે 57 વર્ષની વયે નિધન થયું હતું. જીવન અને મૃત્યુ વચ્ચે ઝઝૂમી રહેલા અભિનેતાએ રાત્રે લગભગ 12 વાગ્યે અવસાન થયું હતું.

## સિંઘમ અગેઈનના શૂટિંગ દરમિયાન અજય દેવગન ઘાયલ થયો...



નવી દિલ્લીઃ અજય દેવગન હાલ તેની અપકમિંગ ફિલ્મ ‘સિંઘમ અગેઈન;ની શૂટિંગમાં વ્યસ્ત છે. હાલમાં જ તેણે ફિલ્મનું પોસ્ટર સોશ્યલ મીડિયા પર શેર કરી ફેન્સને તેના એક્શનથી ભરપૂર લુકની એક ઝલક આપી હતી. હવે અજયને લઈને એક સમાચાર આમે આવ્યા છે જેનાથી તેના ફેન્સની ટેન્શન વધી શકે છે. જાણવા મળી રહ્યું છે કે અજય ફિલ્મના એક સીનની શૂટિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થયો છે. અજય એક કોમ્બેટ સિક્વન્સનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે આકસ્મિક રીતે તેના ચહેરા પર ફટકો વાગી ગયો જેના કારણે તેની આંખમાં ઈજા થઈ હતી.

## ક્રિતિ સેનન પર લાગ્યો ટ્રેડિંગ પ્લેટફોર્મને પ્રોત્સાહન આપવાનો આરોપ...



નવી દિલ્લીઃ બોલિવૂડ અભિનેત્રી ક્રિતિ સેનન ફરી એકવાર એક ટ્રેડિંગ એપને પ્રમોટ કરવાનો આરોપ લાગ્યા બાદ વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. અભિનેત્રી તાજેતરમાં કરણ જોહરના લોકપ્રિય ચેટ શો ‘કોફી વિથ કરણ’માં જોવા મળી હતી. તેના પર આરોપ છે કે, તેણે એક ચેટ શોમાં ટ્રેડિંગ એપનો પ્રચાર કર્યો છે. જો કે, હવે વિવાદ વધી જતાં કૃતિએ આ સમાચારોને ફેક ગણાવ્યા છે અને કહ્યું છે કે, તે ફેક ન્યૂઝ ફેલાવનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરશે. કૃતિનું કહેવું છે કે, તેની ઈમેજ ખરાબ કરવા અને તેને બદનામ કરવાના હેતુથી આવા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે.

# ખરાબ પિચના કારણે વર્લ્ડ કપમાં હારી ટીમ ઈન્ડિયા?

## આઈસીસીએ વર્લ્ડ કપની પાંચ મેચની પિચને સરેરાશ રેટિંગ આપ્યુ છે, જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે ફાઈનલ મેચ પણ સામેલ

■ નવી દિલ્હી

ભારતીય ટીમને વર્લ્ડ કપ 2023ની ફાઈનલ ગુમાયે લગભગ 19 દિવસ થઈ ચૂક્યા છે. હવે મોટો રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં જણાવાયુ છે કે ટીમ ઈન્ડિયાએ જે પિચ પર ઓસ્ટ્રેલિયા સામે ફાઈનલ રમી હતી, તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) સરેરાશની રેટિંગ આપી છે, તેના પહેલા રિપોર્ટમાં જણાવાયુ હતુ કે હેડ કોચ રાહુલ દ્રવિડે પણ પિચને જ ભારતની હારનું કારણ ગણાવ્યુ હતુ.

રિપોર્ટ અનુસાર આઈસીસીએ વર્લ્ડ કપની પાંચ મેચની પિચને સરેરાશ રેટિંગ આપ્યુ છે. જેમાં ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે ફાઈનલ મેચ પણ સામેલ છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી, જેમાં રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળ ટીમ ઈન્ડિયા પહેલી બેટિંગ કરીને 50 ઓવરમાં 240 રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી અને ઓસ્ટ્રેલિયાએ 43 ઓવરમાં જીત પોતાના નામે કરી લીધી હતી.



### રાહુલ દ્રવિડે પણ પિચને આપ્યો હતો દોષ

હેડ કોચ રાહુલ દ્રવિડે પણ બીસીસીઆઈ રિવ્યૂ મીટિંગમાં પિચને ફાઈનલ મેચ ગુમાવવા માટે જવાબદાર ગણાવી હતી. રિપોર્ટ અનુસાર હેડ કોચે કહ્યુ હતુ કે અમને આશા અનુસાર ટર્ન ન મળવાના કારણે અમે હારી ગયા. જો સ્પિનર્સને ટર્ન મળત તો અમે જીતી જાત. અમે પહેલી 10 મેચ આ રણનીતિથી જીતી, પરંતુ ફાઈનલમાં આ કામ આવી નહીં.

### ખરાબ પિચ પર ઓસ્ટ્રેલિયાએ કેવી રીતે રમી શાનદાર રમત

આઈસીસીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પિચને સરેરાશ રેટિંગ આપીને એ વાત પર મોહર લગાવી દીધી છે કે પિચ સારી તો નહોતી. હવે તમારા મનમાં સવાલ ઉઠી રહ્યો હશે તો ઓસ્ટ્રેલિયાએ કેવી રીતે આ પિચ પર કમાલ કરી. આ પ્રશ્ન થવો સ્વાભાવિક પણ છે. ખરાબ પિચ પર ટોસ હારી જવો ટીમ ઈન્ડિયા માટે નુકસાનકારક સાબિત થયો. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો અને ટીમ ઈન્ડિયાને 240 રન પર આટોપી લીધી. મેદાન પર ભેજ પણ આવી ગયો હતો. દરમિયાન મેન ઈન બ્લૂના બોલર્સની પાસે કરવા માટે વધુ કંઈ રહ્યુ નહોતુ.

# છેલ્લીવાર દેખાશે IPLમાં ધોની સહિત આ દિગ્ગજ




## આ વર્ષે સન્યાસ લઈ શકે છે 6 ભારતીય ક્રિકેટર

■ નવી મુંબઈ

IPL 2024 ઘણા દિગ્ગજ ખેલાડીઓ માટે છેલ્લી સિઝન સાબિત થઈ શકે છે. આ યાદીમાં ઘણા મોટા નામ સામેલ છે. એવું માનવામાં આવે છે કે IPL 2024 ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની માટે છેલ્લી સિઝન સાબિત થશે. આ સિવાય અમિત મિશ્રા, રિદ્ધિમાન સાહા, પીયૂષ ચાવલા, દિનેશ કાર્તિક અને શિખર ધવન કદાચ છેલ્લી IPL મેચમાં જોવા મળશે.

ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની 42 વર્ષના છે પણ તેમની ફિટનેસે શાનદાર છે, પરંતુ એવા સંકેતો મળી રહ્યા છે કે આગામી IPL બાદ કેપ્ટન કૂલ IPLને અલવિદા કહી દેશે. આ સિવાય હાલમાં, કેએલ રાહુલની કપ્તાની હેઠળ લખનૌ સુપર જાયન્ટ્સનો એક ભાગ મનાતા 41 વર્ષીય અમિત મિશ્રા છેલ્લી વખત IPL મેચોમાં જોવા મળી શકે છે. તેમજ કોલકાતા નાઈટ રાઈડર્સ સિવાય આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ જેવી ટીમો માટે રમી ચૂકેલા 39 વર્ષીય રિદ્ધિમાન સાહાનું નામ આ લિસ્ટમાં છે.

# T20 ક્રિકેટને દુનિયાનો નવો જ બાદશાહ મળી ગયો




## રાશિદનને પછાડી રવિ બિશ્નોઈ વર્લ્ડ નંબર 1

■ નવી મુંબઈ

T20 ક્રિકેટને બૉલિંગમાં દુનિયાનો નવો જ બાદશાહ મળી ગયો છે, ટી20 ક્રિકેટને વિશ્વનો નવો નંબર-1 બૉલર મળ્યો છે. ભારતીય સ્પિનર રવિ બિશ્નોઈ હવે ICC T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં બૉલિંગમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. તેને લાંબા સમયથી આ પદ પર રહેલા રાશિદ ખાનને પછાડ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની ટી-20 સિરીઝ રમાઈ હતી. જેમાં ટીમ ઈન્ડિયાનો 4-1થી શ્રેણી પર કબ્જો જમાવ્યો હતો. આ સિરીઝમાં સ્પિનર રવિ બિશ્નોઈએ શાનદાર બોલિંગ કરી હતી.

જેના પગલે તેને મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ત્યારે આ સ્થિતિ વચ્ચે આઈસીસીએ ટી-20 રેન્કિંગની નવી યાદી જાહેર કરી છે.જેમાં રવિ બિશ્નોઈ અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાનને પછાડી નંબર 1 બોલર બની ગયો છે. રવિ બિશ્નોઈના ખાતામાં અત્યારે 699 પૉઈન્ટ છે. તે રાશિદ ખાન (692) કરતા 7 રેટિંગ પોઈન્ટ આગળ નીકળી ગયો છે.

# ભારત સામે રમાનાર ત્રણેય ફોર્મેટ માટે ટીમની જાહેરાત




## સા. આફ્રિકાએ બાવુમા પાસેથી છીનવી કપ્તાની

■ કેપટાઉન

ભારતીય ક્રિકેટ ટીમ સાઉથ આફ્રિકાના પ્રવાસે જવાની છે, જ્યાં તે T20, ODI અને ટેસ્ટ સિરીઝ રમશે. આજે સાઉથ આફ્રિકાએ ત્રણેય ફોર્મેટ માટે પોતાની ટીમ જાહેર કરી છે. વનડે ફોર્મેટના સ્ક્વોડમાં ODI World Cup 2023માં સાઉથ આફ્રિકાની કેપ્ટનશીપ કરનાર ટેમ્બા બાવુમાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. જો કે ટેસ્ટ ફોર્મેટમાં તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે અને તેને કેપ્ટનશીપ પણ સોપવામાં આવી છે.

ટેમ્બા બાવુમા એક ઓપનર બેટ્સમેન છે અને તેણે ODI World Cup 2023માં તેના સાથી ક્વિન્ટન ડી કોક સાથે મળીને ઓપનિંગની જવાબદારી સંભાળી હતી. પરંતુ તે આ જવાબદારી એકપણ મેચમાં નિભાવી શક્યો ન હતો. કદાચ આ જ કારણ છે કે સાઉથ આફ્રિકાના ટીમ મેનેજમેન્ટે વર્લ્ડકપ બાદ યોજાનારી પ્રથમ વનડે સિરીઝમાં બાવુમાને વનડે ટીમમાંથી બહાર કરી દીધો છે. આ ઉપરાંત તેને T20 ટીમમાં પણ સ્થાન મળ્યું નથી.

# ઋતુરાજ ગાયકવાડે ઓસ્ટ્રેલિયા સામે રચ્યો ઈતિહાસ

## « કોહલી-ગપ્ટિલનો રેકોર્ડ તોડી બન્યો

■ નવી દિલ્લી

ભારતીય ટીમના ઓપનર ઋતુરાજ ગાયકવાડે ઓસ્ટ્રેલિયા સામે ટી-20 સિરીઝની અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે સસ્તામાં પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. 12 બોલમાં 10 રન બનાવ્યા હતા. ગાયકવાડે ભલે નાની ઈનિંગ રમી હતી પરંતુ તેણે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ગાયકવાડ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ એક T20I દ્વિપક્ષીય સિરીઝમાં સૌથી રન બનાવનાર ખેલાડી બની ગયો છે. મામલે તેણે વિરાટ કોહલી અને માર્ટિન ગપ્ટિલને પાછળ છોડી દીધા છે.



### ગાયકવાડે કોહલી અને ગપ્ટિલને છોડ્યા પાછળ

ઋતુરાજ ગાયકવાડે ઓસ્ટ્રેલિયા સામે 5 મેચોની T20 સિરીઝમાં કુલ 223 રન બનાવ્યા હતા. જયારે ન્યુઝીલેન્ડના દિગ્ગજ ક્રિકેટર માર્ટિન ગપ્ટિલે ઓસ્ટ્રેલિયા સામે એક T20I સિરીઝમાં કુલ 218 રન બનાવ્યા હતા. ભારતીય ટીમનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી હવે આ લીસ્ટમાં ત્રીજા નંબરે આવી ગયો છે. વિરાટ પછી 192 રન સાથે ડેવોન કોન્વે ચોથા નંબરે છે.

### વિરાટ કોહલી આ લીસ્ટમાં ટોપ પર

ઋતુરાજ ગાયકવાડે આ ઉપરાંત એક અન્ય રેકોર્ડ પણ બનાવ્યો હતો. ગાયકવાડ ભારત માટે દ્વિપક્ષીય T20I સિરીઝમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓની લીસ્ટમાં ત્રીજા નંબરે પહોંચી ગયો છે. આ લીસ્ટમાં વિરાટ કોહલી ટોપ પર છે. કોહલીએ વર્ષ 2021માં ઈંગ્લેન્ડ સામે 231 રન બનાવ્યા હતા. જયારે કે.એલ રાહુલ બીજા નંબર પર છે. તેણે વર્ષ 2020માં ન્યુઝીલેન્ડ સામે 224 રન બનાવ્યા હતા.

### ચીનની દર વર્ષે 8 નવા પરમાણુ રિએક્ટર બનાવવાની તૈયારી

# સાવધાન! ચીને છેલ્લા એક દાયકામાં 37 નવા પરમાણુ રિએક્ટર બનાવ્યા

## ભારત એ અમેરિકા ચીન કરતાં અનેકગણા પાછળ

■ બેઈજિંગ

વિશેષ કરાર હેઠળ માત્ર કોલસા આધારિત ચાલતા પાવર પ્લાન્ટ બંધ કરવા અને ઓઈલ-ગેસની આયાત ઘટાડવા માટે ચીન પવન અને સૌર ઊર્જા વિકસાવવા માટે જંગી નાણાં ખર્ચી રહ્યું છે. આ સાથે ચીનનું સૌથી મોટું ધ્યાન પરમાણુ ઊર્જા પર પણ છે. સંયુક્ત રાષ્ટ્રની એજન્સી ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીએ પોતાના રિપોર્ટમાં ખુલાસો કર્યો છે કે ચીને છેલ્લા એક દાયકામાં 37 નવા પરમાણુ રિએક્ટર બનાવ્યા છે. સંખ્યા 55 પર પહોંચી ગઈ છે. બીજી તરફ, અમેરિકાએ છેલ્લાં 10 વર્ષમાં ફક્ત 2 નવા પરમાણુ રિએક્ટર બનાવ્યાં છે. તેની પાસે વિશ્વમાં સૌથી વધુ 92 રિએક્ટર છે. ભારતમાં હાલમાં 22 પરમાણુ પ્લાન્ટ છે, જેમાંથી માત્ર 2 છેલ્લાં 10 વર્ષમાં બનાવાયા હતા. ચીન દર વર્ષે 8 નવા પરમાણુ રિએક્ટર બનાવવાની તૈયારી કરી રહ્યું છે. ચીને કહ્યું, દર વર્ષે 8થી 10 નવા રિએક્ટર સ્થાપિત કરી શકીએ છીએ.



## વિશ્વના સૌથી વધુ 22 રિએક્ટર ચીનમાં બનશે

સુરક્ષાનાં કારણોસર વિશ્વના ઘણા દેશોમાં પરમાણુ રિએક્ટરનો વિરોધ શરૂ થઈ ગયો છે. ચીનની સ્ટેટ કાઉન્સિલ (ચીની કેબિનેટ)એ 2022માં 10 પરમાણુ રિએક્ટરની સ્થાપનાને મંજૂરી આપી છે. હાલમાં, ચીનમાં 22 પરમાણુ રિએક્ટરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે, જે વિશ્વના કોઈ પણ દેશ કરતા વધુ છે. દર વર્ષે 8થી 10 નવા રિએક્ટર સ્થાપિત કરી શકીએ છીએ.

## ચીનમાં સસ્તી લોનને લીધે રિએક્ટર બનાવવા ખૂબ જ સરળ

પશ્ચિમી દેશોમાં નવા રિએક્ટર બનાવવા સરળ નથી. જંગી રોકાણ અને કાયદાકીય અડચણોને કારણે રિએક્ટરને બનાવવામાં ઘણાં વર્ષો લાગે છે. ચીનમાં રિએક્ટર બનાવવું ખૂબ જ સરળ છે. ત્યાં માત્ર સરકારી કંપનીઓ જ પરમાણુ રિએક્ટર બનાવે છે. સસ્તી લોન ઉપરાંત, ચીનમાં જમીન પરવાનામાં કોઈ અવરોધો નથી. ચીનમાં સરકાર પરમાણુ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી વીજળીનો સપ્લાય કરતી કંપનીઓને સબસિડી પણ આપે છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીનું કહેવું છે કે આ તમામ કારણોસર ન્યુક્લિયર એનર્જીનો ખર્ચ ઘટીને લગભગ રૂ. 5,836 પ્રતિ મેગાવોટ કલાક પર આવી ગયો છે, જ્યારે અમેરિકામાં રૂ. 8,754 અને યુરોપિયન યુનિયનમાં રૂ. 13,339 હતો.

## વિશ્વમાં પરમાણુ ઊર્જા પ્રત્યે ચીનનું બેવડું વલણ

એક તરફ ચીન નવા રિએક્ટર લગાવી રહ્યું છે પરંતુ તે અન્ય દેશોનો વિરોધ કરે છે. તાજેતરમાં જ્યારે જાપાને 2011ના ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત ફુકુશિમા પ્લાન્ટના રિએક્ટરનું ટ્રોડેન કૂલિંગ પાણી દરિયામાં છોડ્યું ત્યારે ચીને સૌથી વધુ વિરોધ કર્યો અને જાપાનના સીફૂડ ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો.

**પાકિસ્તાન-આર્જેન્ટિનામાં પણ રિએક્ટર સ્થાપશે**

ચીન હજુ પણ યુરેનિયમ માટે અન્ય દેશો પર નિર્ભર છે. હાઉલોંગ-1 રિએક્ટર સંપૂર્ણપણે ચીની ડિઝાઈન પર આધારિત છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા નિકાસ પ્રતિબંધો છતાં ચીન હવે તેની ડિઝાઈનમાંથી બનાવેલા રિએક્ટર વિદેશમાં વેચી રહ્યું છે. પાકિસ્તાન અને આર્જેન્ટિના સાથે ડીલ કરશે

# કોરોનાથી દર ચોથું બાળક રીડિંગ, ગણિત-વિજ્ઞાનમાં નબળું

### વિદ્યાર્થીઓ માટે એક વર્ષની અંદર શીખવાના ત્રણ-ચતુર્થાંશ બરાબર નુકસાન

■ પેરિસ

કોરોનાએ શારીરિક અને માનસિક બીમારીઓની સાથે જ સ્કૂલના શિક્ષણનું સ્તર ઘટાડ્યું છે. ઑર્ગેનાઈઝેશન ફૉર ઈકોનૉમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD)ના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કોરોનાકાળ બાદ સ્કૂલનાં બાળકોમાં ભણવાની ક્ષમતાની સાથે જ ગણિત અને વિજ્ઞાનને સમજવાની ક્ષમતામાં પણ ઘટાડો થયો છે. પેરિસસ્થિત આ સંગઠને કહ્યું કે વર્ષ 2018ની તુલનામાં ઓઈસીડી દેશોમાં ભણવાના પ્રદર્શનમાં સરેરાશ 10 અંકનો ઘટાડો થયો હતો અને ગણિતમાં 15 અંકનો ઘટાડો થયો. જે વિદ્યાર્થીઓ માટે એક વર્ષની અંદર શીખવાના ત્રણ-ચતુર્થાંશ બરાબર નુકસાન છે.

સરવેમાં સામેલ વિદ્યાર્થીઓમાંથી 4માંથી સરેરાશ એક બાળકે ગણિત, ભણવામાં અને વિજ્ઞાનના મૂળભૂત અલ્ગોરિધમનો ઉપયોગ તેમજ સરળ પાઠને હલ કરવામાં સામર્થ્ય દર્શાવ્યું ન હતું. એ સાથે જ અમીર દેશોનાં બાળકોની મેથ્સની ગણતરી કરવાની ક્ષમતા પણ 20 વર્ષ પહેલાંના સ્તરે પહોંચી છે. સરવેમાં સામેલ દેશોમાંથી સૌથી વધુ ઘટાડો જર્મની, આઈસલેન્ડ, નેધરલેન્ડ, નોર્વે અને પોલેન્ડમાં ગણિતના વિષયમાં વિશેષ રૂપે દેખાયો હતો. જ્યારે તેનાથી વિપરીત જે દેશોએ સારું પ્રદર્શન કર્યું તેમાં સિંગાપોર અવ્વલ રહ્યું હતું. અહીંના વિદ્યાર્થીઓ બાકી ઓઈસીડી દેશોના વિદ્યાર્થીઓની તુલનાએ સરેરાશ 3 થી 5 વર્ષ આગળ આવ્યા હતા.

## NEWS FILE

### કેશ ફોર ક્વેરીમાં TMCના સાંસદ મહુઆ મોઈત્રાનું સભ્યપદ રદ



નવી દિલ્લીઃ મહુઆ મોઈત્રા વિરુદ્ધ રજૂ કરાયેલા રિપોર્ટે તેમની મુશ્કેલી વધારી દીધી છે. આ મામલે મહુઆ મોઈત્રા વિરુદ્ધ ગૃહમાં પ્રસ્તાવ પાસ થઈ ગયો છે. લોકસભામાં એથિક્સ કમિટીના રિપોર્ટની તરફેણમાં આ પ્રસ્તાવ પાસ થતાં મહુઆ મોઈત્રાને બરતરફ કરી દેવામાં આવ્યા છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે હવે મહુઆ મોઈત્રાનું સાંસદ પદે જળવાઈ રહેવું યોગ્ય નથી. તેમનું આચરણ અનૈતિક હતું., જેમાં દુબેએ ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા પર સંસદમાં પ્રશ્ન પુછવા એક ઉદ્યોગપતિ પાસે લાંચ લીધી હોવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલો સામે આવ્યા બાદ મોઈત્રાએ આરોપોને રદીયો આપ્યો હતો.

### 4 વર્ષ જૂની પાર્ટીના લાલદુહોમાએ મિઝોરમના CM તરીકે શપથ લીધા

આઈઝોલઃ મિઝોરમમાં વિધાનસભા ચૂંટણી જીત્યા બાદ જોરમ પીપલ્સ મૂવમેન્ટ (ZPM)ના નેતા લાલદુહોમા રાજ્યના નવા મુખ્યમંત્રી બન્યા છે. લાલદુહોમાએ શુક્રવારે સવારે 11 વાગ્યે આઈઝોલમાં રાજભવનમાં રાજ્યપાલ હરિ બાબુ કંભમપતિની સામે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ સિવાય અન્ય બે નેતાઓ સપદંગા અને વનલલહલાનાએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા. લાલદુહોમા ઈન્દિરા ગાંધીના સુરક્ષા ઈન્ચાર્જ અને કોંગ્રેસના સાંસદ રહી ચૂક્યા છે. મિઝોરમમાં 40 બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં ZPMએ 27 બેઠકો જીતી હતી.

### તેલંગાણાના ત્રીજા મુખ્યમંત્રી તરીકે રેવંત રેડ્ડીએ શપથ લીધા



હૈદરાબાદઃ કોંગ્રેસના નેતા રેવંત રેડ્ડીએ તેલંગાણાના મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. ભટ્ટી વિક્રમાર્ક ડેપ્યુટી સીએમ બન્યા છે, તેમણે પણ ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા છે. આ સાથે 11 મંત્રીઓએ પણ શપથ ગ્રહણ કર્યા છે. આ સમારોહ એલબી સ્ટેડિયમ ખાતે યોજાયો છે. સમારોહમાં સોનિયા ગાંધી, રાહુલ, પ્રિયંકા ગાંધી વાડ્રા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ હાજરી આપી છે. તેલંગાણાની રચના 2014માં થઈ હતી. ત્યારથી 2023 સુધી, ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના કે. ચંદ્રશેખર રાવ (KCR) મુખ્યમંત્રી હતા. આ વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં KCR હારી ગયા.

# 22મી જાન્યુઆરીએ અયોધ્યામાં બની રહેલા રામલલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠા

## સચિન, વિરાટ, અમિતાભ-અંબાણીને આમંત્રણ

■ અયોધ્યા

અયોધ્યામાં બની રહેલા રામ મંદિરમાં 22 જાન્યુઆરીએ રામલલ્લાનો અભિષેક કરવામાં આવશે. આ માટે 7000 લોકોને આમંત્રણ મોકલવામાં આવી રહ્યું છે. તેમાં પીએમ નરેન્દ્ર મોદી, સીએમ યોગી આદિત્યનાથ, આરએસએસ ચીફ મોહન ભાગવત સહિત 3 હજાર વીવીઆઈપીનાં નામ છે.

આ યાદીમાં ક્રિકેટર સચિન તેંડુલકર અને વિરાટ કોહલીનાં નામ પણ છે. આ ઉપરાંત દેશભરમાંથી 4000 સંત-મુનિઓને બોલાવવામાં આવી રહ્યા છે. રામજન્મભૂમિ તીર્થક્ષેત્રે સિનેમાજગતમાંથી કંગના રનૌત, અભિનેતા અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર અને ગાયિકા આશા ભોંસલેને આમંત્રણ આપવામાં આવ્યાં છે. દેશના અગ્રણી ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, ગૌતમ અદાણી અને રતન તાતાને પણ આમંત્રણ મોકલવામાં આવ્યાં છે. આ સિવાય મીડિયાના લોકોને પણ બોલાવવામાં આવ્યાં છે.

### 3 હજાર VVIP સહિત 7 હજાર લોકોને આમંત્રણ, VVIPને બારકોડ પાસ દ્વારા એન્ટ્રી



## ન્યાયાધીશો, વૈજ્ઞાનિકો અને કવિઓને આમંત્રણ

VHP પ્રવક્તા શરદ શર્માના જણાવ્યા અનુસાર, 'અમે રામ મંદિરની અમારી મુલાકાતને સમર્થન આપનારા પત્રકારોને પણ બોલાવ્યા છે. તેમના (પત્રકારો) વિના રામ મંદિર માટેનો આ સંઘર્ષ અધૂરો હતો. આ સિવાય સંતો, પૂજારીઓ, શંકરાચાર્ય, ધાર્મિક નેતાઓ અને ભૂતપૂર્વ સનદી અધિકારીઓ, નિવૃત્ત સૈન્ય અધિકારીઓ, ન્યાયાધીશો, વકીલો, વૈજ્ઞાનિકો, કવિઓ, સંગીતકારો અને પદ્મશ્રી અને પદ્મ ભૂષણથી સન્માનિત વ્યક્તિઓને પણ આમંત્રણો મોકલવામાં આવ્યાં છે.' VHP નેતા શરદ શર્માએ જણાવ્યું હતું કે '7 હજાર આમંત્રિતોમાંથી, લગભગ 4,000 દેશભરના ધાર્મિક નેતાઓ હશે. બાકીના 3 હજાર વિવિધ વિસ્તારોમાંથી VVIP હશે. સમારોહ પહેલાં આમંત્રિતો સાથે એક લિંક શેર કરવામાં આવશે.